# ઇલ્મનો ખજાનો

## ભાગ બીજો

: લેખક :
અલ્લામા નસીરુદ્દીન 'નસીર' હુંઝાઇ

: અનુવાદક :
અકબર હબીબ રાજન

: પ્રકાશક :
ખાનાએ હિકમત-ઇદારાએ 'આરિફ'

# ઇલ્મનો ખજાનો

## ભાગ બીજો

: લેખક :

અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઇ

: અનુવાદક :

અકબર હબીબ રાજન

: પ્રકાશક :

ખાનાએ હિકમત-ઈદારાએ 'આરિફ'

૩-એ, નૂર વીલા, ગાર્ડન વેસ્ટ,

કરાચી (પાકિસ્તાન)

ISW LS
Institute for Spiritual Wisdom Luminous Science
Knowledge for a united humanity

# એક સુંદર ઈલ્મી કુટુંબ

દરેક એવું નેકબખ્ત ખાનદાન "ઈલ્મી કુટુંબ" કહેવરાવવાનો હકદાર હોઇ શકે છે જે હકીકી ઈલ્મ–જ્ઞાનથી સજીને પાક–પવીત્ર હઝરત ઈમામ અલૈહીમુસ્સલામની વહાલી જમાતની ઈલ્મી ખીદમત કરી રહ્યું હોય. ખુદાના લાખ–લાખ શુકર છે કે એ માટેના ઉમદા દાખલાઓ મળી રહ્યા છે, જેમકે અમેરિકામાં અમારા ખૂબજ વ્હાલા મિત્ર નૂરઅલી મામજીનું સુંદર ઈલ્મી કુટુંબ, જેમાં તેમના ફરીશ્તા જેવા ધર્મ પત્ની યાસ્મીન કે જેઓ રેકોર્ડ ઓફિસરના કેન્દ્રની જેમ કામ કરી રહ્યા છે. અને એ બન્નેના સુપૂત્ર નાદીરઅલી એડવાઈઝર અને સુપૂત્રી નસરીન જ્ઞાન અને ખીદમતના મેદાનમાં પ્રગતી કરી રહ્યા છે. ઘણાંજ આનંદની વાત છે કે આ માનનીય કુટુંબે સાફદીલ અને કદરદાન સભ્યોના વધારા છતાં પણ "યાસ્મીન નૂરઅલી બ્રાંચ"ને નેકનામ બનાવી લીધી છે.

**–નસીરૂદ્દીન નસીર (હુબ્બેઅલી) હુંઝાઇ**

**કરાચી**

**રવીવાર, ૨ રમઝાનુલ મુબારક, ૧૪૧૪ હીજરી**

**૧૩ ફેબ્રુઆરી, ૧૯૯૪.**

# અનુક્રમણિકા


૧. આરંભ ........................................૩

૨. સુરહ મુઝમ્મીલનીઅમુક હિકમતો ........................૯

૩. નબી (અ.સ.)નો દરવાજો ........................૨૩

૪. હઝરત ઈસા (અ.સ.) રૂહ છે કે શરીર ........................૨૯

૫. કોયડાનો ઉકેલ ........................................૩૬

૬. કુદરતનું રહસ્ય ........................................૪૨


* * *

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

# આરંભ

ઓ સર્વે જગતના પાલણહારા ! ઓ અમારા શરીરો અને આત્માના માલિક ! ઓ ખુદાવંદે ઇઝઝત ! તારા વહાલા રસૂલ મુહમ્મદ મુસ્તફા (સ.અ.સ.)ના ગૌરવથી અને તેવણ માનવંત (અ.સ.)ના વારસદારો પવિત્ર ઇમામો (અ.સ.)ની મોટાઇથી આ નમ્ર અને અશક્ત બંદાને એવી બુલંદ હિમ્મત અને ઊચ્ચ શક્તિ અર્પણ ફરમાવ ! અને એવા પ્રકારની નૂરાની સદ્‌બુદ્ધિ અને મદદ અર્પણ કર કે જેના થકી આ ખાકસાર અને ગરીબ તારી મહાન અને અતી મહાન આયતોની જેવી હોવી જરૂરી છે એવી શુખર ગુઝારી કરી શકે, પરંતુ અય પરવરદીગાર ! આ આલીશાન સદ્‌બુદ્ધિઓ છતાં પણ અમારા જેવાં નાશુખસ બંદાઓથી (જેવો કે હક છે તેવો) શુખર ક્યાંથી અદા થઇ શકે છે.

આ પુસ્તક "ઇલ્મનો ખજાનો" નંબર–૨ આપ વાંચકોની સમક્ષ છે, તમો પોતે આનો ઊંડાણથી અભ્યાસ કરો અને પુસ્તકને ઓળખવાના ધોરણે આ પુસ્તકને પરખો. મહત્ત્વતા અને ફાયદા મુજબ જેવું પણ છે આ પુસ્તક, તરતજ જાણાઇ આવશે અને પછી તેની ઓળખાણ કરાવવાની જરૂરત નહી રહે કેમકે એ વાત પ્રખ્યાત છે કે "સુગંધ તે છે કે પોતે જ જાણાઇ આવે ન કે (સુગંધ વેચનાર) અત્તારના કહેવાથી તેની જાણ થાય." અર્થાત કસ્તુરી એ છે જે પોતે

LS Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

પોતે જ સુગંધ આપે છે ન કે તે શબ્દ "કસ્તુરી" કે જે અત્તારના મુખમાંથી બોલાય છે. તેમ છતાં હજારો માનવીમાં કોઇ એક એવો પણ હોઇ શકે છે જે જ્ઞાનની કસ્તુરીની આત્માને શાંતિ દેનાર સુગંધને સહેલાઈથી માણી ન શક્તો હોય–અનુભવી ન શક્તો હોય, માટે આ કામ પણ અમારી ફરજોમાંથી છે કે અમો આ પુસ્તીકાની વ્યાજબી હદે ઓળખાણ કરાવીએ કે જેથી ન ફક્ત કોઇ જ્ઞાનને ન પારખી શક્તો હોય તેનો ઈલાજ થાય પણ તેની સાથે સાથે જ્ઞાનને પસંદ કરનારની દિલચસ્પીમાં પણ વધારો થાય.

એ મુજબ આ પુસ્તકના પહેલાં નિબંધનો વિષય છે "સૂરહ મુઝમ્મીલની અમુક હિકમતો" આ સુરહ તેના નાઝીલ થવાના ક્રમમાં મક્કામાં ત્રીજા નંબર ઉપર નાઝીલ થઇ હતી પણ હાલના ક્રમમાં તેનો નંબર ૭૩ છે. તેની વીસ (૨૦) આયતો અને બે (૨) રૂકુ છે આ સૂરહની મોટી મોટી ખાસીયતો છે અને તેમાંની એક એ છે કે એમાં ઝીકર અને ઈબાદત તથા ખાસ કરીને ઇસ્મે આઝમના કાર્યને આગળ વધારવાની હિકમતોનું વર્ણન કરવામાં આવેલ છે, માટે અમોએ ખુદાતઆલા તરફથી મળેલ સદ્‌બુદ્ધિ થકી સવાલ અને જવાબના રૂપમાં સૂરહ મુઝમ્મીલની કંઈક હિકમતો જાહેર કરવાના પ્રયત્નો કર્યાં છે.

પુસ્તિકાનો બીજો નિબંધ "બાબે નબી" છે કે જેનાથી ન ફક્ત દરેક મોટા નબીની જીંદગીમાં ફક્ત ઈમામનું હાજર હોવું જરૂરી હોય છે બલ્કે મહાન પયગમ્બર પછી પણ ઈમામતનો ક્રમ ચાલતો રહે એ જરૂરી હોય છે, કારણ કે એ કોઇ સિદ્ધાંત જ નથી કે પયગમ્બરની મોજૂદગીમાં તો નબુવ્વતના જ્ઞાનની હિકમતનો દરવાજો હોય અને તેમના

પછી પ્રત્યેક માનવી પોતે જ કોઇ શંકા વગર જ્ઞાન અને હિકમતને એ રીતે સહેલાઈથી પ્રાપ્ત કરી શકે કે જાણે તે સમય નબુવ્વત કરતાં પણ વધુ સહેલો હોય. એવો વિચાર ક્યારેય વ્યાજબી નથી હોઇ શક્તો. બાબે નબીની આ કલ્પના ખીલાફત અને ઈમામતની કલ્પનાથી હરગીઝ જુદી નથી બલ્કે બન્ને વાતો એક જ છે, માટે જ્યારે એ સાચી વાત છે કે દરેક વસ્તુનો એક દરવાજો હોય છે તો એ જ રીતે ખુદા અને રસુલના જ્ઞાન અને હિકમતના પણ દરવાજા છે તે એમ કે ખુદાતઆલાનો દરવાજો પયગમ્બર (અ.સ.) છે પયગમ્બર (અ.સ.)નો દરવાજો અસાસ છે, અસાસનો દરવાજો ઈમામ છે અને ઈમામનો દરવાજો હુજ્જતે આઝમ છે. એ જ પ્રમાણે અને એ જ મહત્ત્વતા અને જરૂરતને કારણે અમોએ આ નિબંધ અહી રાખ્યો છે.

ત્રીજો નિબંધ છે "હઝરત ઈસા (અ.સ.) રૂહ છે કે શરીર ?" આ સવાલ જેટલો મોટો છે એટલો જ મહત્ત્વનો પણ છે અને તેના જવાબના માટે ઘણી સ્પષ્ટ સચ્ચાઇઓ સામે આવી ગઇ છે જેના પ્રકાશમાં એક બાજુએથી તો સંબંધિત સવાલનો જવાબ મળી જાય છે અને બીજી બાજુએથી કુરઆન તથા દીનની ઓળખના ઉપરાંત રૂહ અને સંપૂર્ણ (જ્ઞાન ધરાવનાર) માનવ એટલે કે ઈમામે ઝમાનની ઓળખાણમાં પણ ઘણી હદે મદદ મળી શકે છે. આજ કારણ છે કે અહી આ વિષય ઉપર દલીલો કરવામાં આવી છે.

ચોથો નિબંધ છે "કોયડાનો ઉકેલ" અને આ એક એવા યાદગાર પત્રનો એક ટૂકડો છે જે અમારા એક અતીશય માનવંત અને ઘણાં જ વહાલા મિત્રને લખવામાં આવ્યો હતો. આ નિબંધની અહી

જરૂરત એટલા માટે હતી કે તેમાં રસુલે બરહક (સ.અ.સ.)ની પ્રમાણિક્તા અને પવિત્રતાનો ઉલ્લેખ છે અને તેવાણ નામદાર (સ.અ.સ.)ના દરેક પ્રકારે પાક અને પવિત્ર હોવા વિષે દલીલો વર્ણવેલી છે અને એ સ્પષ્ટ દલીલોથી ન ફક્ત ખુદાના રસુલ (સ.અ.સ.) નિર્દોષ–સરળ હોવાનો સંપૂર્ણ વિશ્વાસ થઇ જાય છે બલ્કે સાથે સાથે જ નામદાર પયગમ્બર (અ.સ.)ના અહેલેબૈત એટલે કે કુટુંબીજનોના પવિત્ર હોવાની પણ સાબિતી મળે છે. વળી આલે મુહમ્મદ (અ.સ.) અને ઓલાદે અલી (અ.સ.)માંથી જેઓ ઇમામ અલૈહીસ્સલામ છે તેમના પાક અને પવિત્ર હોવાનો પણ વિશ્વાસ થાય છે.

પાંચમો અને છેલ્લો લેખ છે "કુદરતનું રહસ્ય" અને તે એ હેતૂસર રજૂ કરવામાં આવેલ છે કે કુદરતના રહસ્યનો અર્થ છે બ્રહ્માંડ અને તેમાં મૌજૂદ વસ્તુઓના સર્જનનું રહસ્ય એટલે કે દરેક પ્રકારની રચનાના છૂપાયેલાં ભેદ અને એવા ભેદ કે જે જાહેર ન હોય અને કુરઆની હિકમત તથા તાવીલ સિવાય તે મળી નથી શક્તા. વળી અમલમાં આવનાર તાવીલના માટે ઉચ્ચ પ્રકારની રૂહાનીયત જોઇએ, અને એવી જ રૂહાનીયતના સંબંધે હ. આદમ (અ.સ.)નું સર્જન અને તેનાં વંશજો –તેની ઔલાદના ગુપ્ત ભેદો મળી શકે છે. ગમે તે હોય પણ આ લેખનો હેતૂ દીનના તે સિદ્ધાંતોને લગતાં અને મૂળભૂત ભેદોના તરફ ધ્યાન દોરવાનો છે કે જે માનવીના જન્મધારણ કરવા સંબંધે છે, કેમકે દીન હોય અથવા દુનિયા, તેમાં ભેદ જ બહુ મોટી વસ્તુ છે. જો કોઇ મહાન બાદશાહ કોઇ મિત્રને પોતાનો ભેદી અથવા રહસ્યોનો જાણકાર બનાવી લ્યે છે તો એ અર્થ થાય છે કે એ કાર્યમાં તે તેને બીજાઓના પ્રમાણમાં કેટલું મહત્વ અને ઊપરીપણું દયે છે,

માટે હકીકી મોમન માટે જરૂરી છે કે તે દીની જ્ઞાનની શિખરની વાતોમાં ખુદાના ભેદોની શોધ કરતો રહે, કે જેથી તે આ શોધ દ્વારા અલ્લાહતઆલાના અતીશય નિકટ અને પછી તેના નૂરમાં વાસલ થઇ શકે.

હવે મારે તે જ્ઞાન પસંદ મિત્રોને ખૂબ જ કદરદાની સાથે યાદ કરવા જોઇએ કે જેઓ સદાય નામના અને ખ્યાતીથી અળગા અને દૂર રહીને ફક્ત જ્ઞાનની સેવાને આગળ વધારવા ખાતર મારાથી સહકાર કરતા રહે છે કારણ કે તેમના સૌથી મોટા આનંદનો ભેદ એ વાતમાં રહેલો છે કે જે રીતે પણ થઇ શકે ઇમામ (અ.સ.)નો ટેકો મળે તેવા જ્ઞાનના પ્રકાશિત દીવાઓના મારફત અજ્ઞાનપણાના અંધકારનો નાશ કરવામાં આવે, કુરઆનની હિકમત, તાવીલ, દીનની સમજ, ઇસ્લામનો વિકાસ, ઇમામની ઓળખ, રૂહ અને રૂહાનીયત નવા કોયડાઓનો ઊકેલ ધર્મ અને વિજ્ઞાન વિગેરે ઉપર પુસ્તકો લખીને પ્રગટ કરવામાં આવે.

તેઓ બરહક ઇમામ સલ્વાતુલ્લાહ અલેહીના જ્ઞાનરૂપી લશ્કરમાંથી છે, તેઓ પોતાને ભાગ્યશાળી સમજે છે અને વ્યાજબીપણે ગર્વ લ્યે છે કે તેમને ધાર્મિક જ્ઞાનના ફેલાવાનું આકર્ષણ છે, તેમનું ક્હેવું છે કે ધાર્મિક પુસ્તકોના રસપૂર્વકનો અભ્યાસ બાગબગીચામાં હરતાં ફરતાં, મળતાં આનંદ કરતાં વધુ ખુશી આપે છે અને ઘણો જ ફાયદામંદ છે કેમકે બગીચાની રંગબેરંગી વસ્તુઓ તથા મીઠાશ અને રાહત, દુન્યવી અને શારીરિક તથા થોડાં દિવસોની છે જ્યારે જ્ઞાન અને હિકમતની જન્નતના ફૂલ અને ફળ એવાં તો નથી કે ક્યારે પણ તેના રંગ, સુગંધ

Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

ઓસરી જાય અને તેની મિઠાશમાં ઓછપ આવી જાય. તે ન્યામતો અને મીઠાશ દીની અને આકબતની છે જે રૂહ અને અક્કલના માટે છે તેથી જ તે હંમેશની અને અનંત છે.

આપણે દરેકે ખુદાના દરબારમાં એ દુઆ માગવી જોઈએ કે પરવરદીગાર સઘળાં ઈમાનવાળાઓને જ્ઞાનની અનંત દૌલતથી માલામાલ કરી દેજે ! અને તેના મારફત તેઓને બન્ને દુનિયાની ખુશીઓ અને ગૌરવ અર્પણ કરજે આમીન ! યા રબ્બુલ આલમીન.

**ફક્ત જમાતનો એક સેવક**

**નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**

ગુરુવાર, ૧૦ રમઝાન ૧૩૯૭ હીજરી

૨૫ ઓગષ્ટ ૧૯૭૭ ઈસ્વી

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

## બિસ્મિલ્લાહિર્રે રહમાનિર્રે રહીમ

# સૂરહ મુઝમ્મીલની અમુક હિકમતો સવાલ અને જવાબ રૂપે

**સવાલ (૧) : કપડાઓમાં લપટાનાર કોણ છે ? અને આ સંબોધનનું શું કારણ છે ?**

જવાબ : કપડાઓમાં લપટાનાર અથવા ચાદર લપેટનાર આપ નામદાર (નબી મુહમ્મદ) સલ્લી અલ્લાહ અલૈહી વ આલેહી વસલ્લમના નામોમાંથી છે. આનું કારણ અમુક જાણાએ એ બતાવ્યું છે કે નબુવ્વતના શરૂઆતના સમયમાં કુરેશ–કબીલાના કાફરોએ આપ નામદાર (સ.અ.સ.)ને જાદુગર કહ્યા હતા. આપ નામદાર (સ.અ.સ.)ને આ સમાચાર સાંભળીને દુ:ખ થયું અને દુ:ખની સ્થિતિમાં તેઓ કપડાઓમાં લપેટાઇ ગયા, અને અમુક લોકોના મત મુજબ આ સંબોધનનું કારણ એ છે કે શરૂ શરૂમાં જ્યારે સરવરે કૌનેન (સ.અ.સ.) ઉપર વહી નાઝીલ થવાની વેળા આવતી ત્યારે જે સ્થિતિમાંથી તેઓ પસાર થતાં હતાં ત્યારે તેવાણ નામદાર (સ.અ.સ.) પસીનો પસીનો થઇ જતા હતા અને ફરમાવતા હતા કે મને કપડાથી વીટી લો, (લપેટી લો), જેની તાવીલ અથવા ગૂઢાર્થ એમ છે કે મારી બાતિની હેસીયતને (કે જે હકીકતના રહસ્યોથી ભરેલી છે) દુનિયાવાળાઓની નજરોથી છુપાવી રાખો.

**સવાલ (૨) : ખુદાતઆલાએ અહી ઈશારો ફરમાવેલ છે કે રાત્રીએ સમયસર ઊંઘીને પછી જલ્દીથી (ઊઠીને) ઝીકર અને ઈબાદતના**

**માટે જાગો. આમાં કઇ હિકમત છે ? અને પૂરી રાત જાગવાને માટે શું કામ નથી ફરમાવેલું ?**

જવાબ : આ ફરમાનમાં એ હિકમત છુપાએલી છે કે તેનાથી ન ફક્ત થાકેલું શરીર તાજું અને સ્વસ્થ થઇ જાય છે બલ્કે મોમીનનું દીલ અને મગજ પણ દરેક પ્રકારની ફીકરવાળી મુંઝવણોથી મુક્ત થઇ જાય છે અને ઝીકર તથા ઈબાદતમાં એકાગ્રતા ફક્ત એવી જ સ્થિતિમાં થઇ શકે છે. કુરઆનમાં સઘળી રાત્રીઓ સખત અભ્યાસ (પ્રેકટીસ) તથા ઈબાદતમાં ગુઝારવાનો પણ ઉલ્લેખ છે (૭૬:૨૬) જેની હિકમત અને જેનો ફાયદો એથી અલગ છે.

**સવાલ (૩) : સુરહ મુઝમ્મીલમાં ફરમાવ્યા મુજબ રાત્રીના ક્યા વખતથી ઝીકર અને ઈબાદતની શરૂઆત થવી જોઇએ ?**

જવાબ : રાત્રીનો એકતૃતીયાંશ (ત્રીજો) ભાગ પસાર થઇ જવા પછી અથવા અર્ધી રાત્રીથી અથવા બેતૃતીયાંશ ભાગ પસાર થયા પછી ખાસ ઈબાદતોનો આરંભ થવો જોઇએ.

**સવાલ (૪) : મજકુર સુરહમાં કુરઆન પડવાને માટે ફરમાન આવેલું છે તેનો શો અર્થ છે ?**

જવાબ : કુરઆનનો અર્થ છે કુરઆને મજીદ કે જે સરવરે અંબિયા (સ.અ.સ.) ઉપર નાઝીલ થયું છે એ અલ્લાહતઆલાના સઘળા મહાન નામો પવિત્ર કુરઆનનો એક મહત્ત્વનો ભાગ છે કેમકે તે કુરઆને મજીદમાંથી છે બલ્કે તેમાં એક શરત સાથે એટલે કે એક હદ સુધી કુરઆન શરીફના ચમત્કારી રૂહ અને નૂર સમાયેલાં છે.

**સવાલ (૫) : રાત્રીની ઈબાદતના વખતમાં વધઘટ કરવાની આ સગવડ શા માટે રાખવામાં આવી છે ?**

જવાબ : એ માટે કે મોમીનની શારીરિક સ્થિતિ દરેક વખતે એક જેવી નથી રહેતી તે ક્યારેક વધુ થાકેલો હોય છે, ક્યારેક બીમાર હોય છે અને ક્યારેક પ્રવાસમાં હોય છે

**સવાલ (૬) : કુરઆનને ગોઠવવાનો મતલબ જણાવો.**

જવાબ : કુરઆનને ગોઠવવાનો મતલબ છે કુરઆનને તેના ક્રમની સુંદરતા સાથે પઢવું અને જો ઈબાદતમાં કુરઆનમાંથી ખુદાનું કોઈ નામ આવેલું છે તો તેને સંપૂર્ણ ધ્યાન યોગ્ય ઉચ્ચાર અને જાગૃત હૃદય સાથે પઢવું.

**સવાલ (૭) : ઈબાદત કઈ વસ્તુની પ્રાપ્તી માટેની તૈયારી રૂપે હોય છે ?**

જવાબ : ઝીકર અને ઈબાદત પૂરી કરવી, હકીકી મોમનની એ વસ્તુ માટેની તૈયારી છે કે તેના પરિણામ તરીકે તેને ખુદાના તરફથી નેક તૌફીક, ખાસ હીદાયત અને ઊચ્ચ હિમ્મત-શક્તિ મળે છે.

**સવાલ (૮) : ભારે વચન (કૌલે સકીલ)નો શું ઈશારો છે ?**

જવાબ : કૌલે સકીલ એટલે કે ભારે વચનનો ખાસ સંબંધ હઝરત નબી સાહેબ (સ.અ.સ.)ના પવિત્ર વ્યક્તિત્ત્વની સાથે છે અને તે એક મહાન હિકમત છે અને મોમીનના માટે તેનો ઈશારો રૂહાની પ્રગતિ છે, અમર્યાદ પ્રગતિ.

**સવાલ (૯) : રાત્રીની ઈબાદતથી ક્યા ક્યા ફાયદા પ્રાપ્ત થઇ શકે છે ?**

જવાબ : તેનાથી નફસે અમ્મારા એટલે મન સારી રીતે કચરાઇ જાય છે (દબાઇ જાય છે) ખુદાનો ઝીકર આગળ વધે છે અને અક્કલ તથા બુદ્ધિનો સુધારો તથા પ્રગતિ થાય છે.

**સવાલ (૧૦) : નફસે અમ્મારા કઇ કઇ વસ્તુઓને લીધે નાશ પામે છે.**

જવાબ : નકામી વાતોથી બચીને ચૂપ રહેવું, નિવૃત્ત–વૈરાગ્ય (જગતની મમતાનો ત્યાગ), ઉપવાસ કરવા અને સૌથી વધીને રાત્રીના ઝીકર તથા ઈબાદતથી નફસે અમ્મારા ઉપર કાબુ મેળવી શકાય છે.

**સવાલ (૧૧) : રાત્રીના જાગરણ કરી (ઈબાદત કરવાથી) ઝીકરમાં પ્રગતી થવાનું શું કારણ છે ?**

જવાબ : કેમકે રાત્રી ન ફક્ત નવરાશ અને શાંતિનો સમય છે બલ્કે તેમાં ખુદાના હુકમથી એવી અસર પણ છે કે ઝીકરે ઈલાહી એટલે કે અલ્લાહની યાદ ચમત્કારિક હદે આગળ વધી જાય છે (૨૫/૨૬).

**સવાલ (૧૨) : એ વસ્તુમાં શું હીકમત છે જે નામદાર પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ને ફરમાવવામાં આવ્યું કે આપ રાત્રીના ઈબાદતને માટે ઊઠ્યા કરો કારણ કે દિવસના તો આપની લાંબી લાંબી પ્રવૃત્તિઓ (મોટાં મોટાં કાર્યો) હોય છે; જો કે સઘળા જાણે છે કે મહાન રસુલ (સ.અ.સ.) એવી લાંબી પ્રવૃત્તિઓ છતાં પણ દિવસનાયે**

**ઝીકર અને ઈબાદતથી ક્યારેય ખાલી નહોતા રહેતા ?**

જવાબ : આ દિવસની ઈબાદત ઉપર રાત્રીની ઈબાદતની ઊચ્ચતાની એક સ્પષ્ટ સાબીતી છે.

**સવાલ (૧૩) : ફરમાવેલું છે કે પોતાના રબ્બ એટલે કે ખુદાનું નામ યાદ કરતા રહો અને સૌથી સંબંધ કાપી નાખીને (વહેવાર બંધ કરીને) તેના તરફ જ એક ધ્યાન થઈ રહો; તેમાં શું ભેદ રહેલો છે કે અહી ઝીકર પહેલાં આવ્યો છે અને એકાગ્રતા પછી ?**

જવાબ : કેમકે બાતિની અને રૂહાની એકાગ્રતા કોઈ જાહેરી કેળવણીની વસ્તુ નથી, તે તો વધુમાં વધુ ઝીકરના પરિણામે પોતે પોતે જ પેદા થાય છે, તે માટે આયતમાં ઝીકરનું વર્ણન પહેલાં આવ્યું છે અને એકાગ્રતાનું પછી.

**સવાલ (૧૪) : ઝીકરના વખતે કઈ કઈ વસ્તુઓને ભૂલી જવી જોઈએ ?**

જવાબ : ઝીકર દરમ્યાન તે ઝીકર કરનાર પ્રત્યેક વસ્તુને તદ્દન ભૂલી જાય, એટલે સુધી કે પોતે પોતાને પણ ભૂલી જાય, સિવાય એના કે નામ (બોલ)ના અર્થ અને હકીકતથી ખુદાને અલગ અને દૂર ન સમજે.

**સવાલ (૧૫) : ફરમાવેલું છે કે "તે પૂર્વ અને પશ્ચિમનો પરવરદીગાર છે" ખુદાની આ કેળવણીનો શું ઈશારો છે ?**

જવાબ : એનો અર્થ છે કે અલ્લાહ તઆલા મઝહબી (દીની) જગતની સઘળી મર્યાદાઓ સઘળી હદોનું પાલણપોષણ કરે છે માટે

ઝીકર કરનાર મોમીનને એવી અપેક્ષા રાખવી જોઈએ (ઉમેદ રાખવી જોઈએ) કે તે જે પણ દરજ્જા ઉપર હોય તેને ઝીકર અને ઈબાદતનું ફળ મળતું રહેશે.

**સવાલ (૧૬) : અહી આયત નંબર ૯માં ફરમાવવામાં આવ્યું છે કે તમો સાચા માઅબૂદને એટલે કે અલ્લાહને પોતાનો વકીલ બનાવો તો એ બતાવો કે અલ્લાહ પર ભરોસો પહેલાં કે ઈબાદત પહેલાં ?**

જવાબ : પહેલાં બરહક માઅબૂદની ઈબાદત હોવી જોઈએ અને તે પણ મારફતના પ્રકાશમાં તે પછી અલ્લાહ પર ભરોસાનું સ્થાન આવે છે. કુરઆનની મજકુર આયત દ્વારા એ જ હકીકત સ્પષ્ટ થાય છે.

**સવાલ (૧૭) : અહી (સબર) ધીરજ ક્યા અર્થમાં છે ?**

જવાબ : જો સુરહ મુઝમ્મીલને ઝીકર અને ઈબાદતનો સતતપણે જોડાયેલ અને યોગ્ય વિષય ગણાવવામાં આવે તો અહી સબર અથવા ધીરજનો અર્થ એ હશે કે નાસ્તિકોની વાતોથી ન ફક્ત જાહેરી પ્રકારે જ દુઃખ થાય છે પરંતુ તેનાથી ઝીકર અને ઈબાદતના દરમ્યાન પણ વસવસાના રૂપે તકલીફ પહોંચતી રહે છે જેનો ઉપાય ધીરજ અને દૃઢ તાથી ખુદાના ઝીકરમાં રચ્યાપચ્યા રહેવાનો છે.

**સવાલ (૧૮) : અહી આયત નંબર ૧૧માં ખોટા પડવાનો ઉલ્લેખ આવેલ છે, તેનો શો અર્થ છે ?**

જવાબ : દીન (મઝહબ) અને તેની રૂહને નહી સમજવો એ જ ખુદા અને રસૂલ (સ.અ.સ.)ને ખોટા પાડવાનું છે કેમકે દીનની

ઓળખાણ ન હોવાથી તે (નાસ્તિકતાનું) નકાર કરવાનું સ્વરૂપ બને છે.

**સવાલ (૧૯) : હદીસે નફસી શું છે ? અને કેવી રીતે બને છે ?**

જવાબ : "નફસે અમ્મારા" એટલે કે મન પોતે પોતાનાથી નકામી વાતો કરે છે, જેને હદીસે નફસી કહે છે, અને આ બનાવ ઘણું કરીને ઈબાદતના દરમ્યાન બને છે, જે દુન્યવી અપવિત્રતાને કારણે છે.

**સવાલ (૨૦) : કાફરો અને મુનાફીકો એટલે કે ખુદાના હુકમો ન માનનારાઓ (ખુદાના હુકમની વિરૂદ્ધ જનારા)ના માટે ક્યાંથી ક્યાં સુધીની મહેતલ છે ?**

જવાબ : તેઓના માટે ત્રણ પ્રકારની મહેતલ છે, વધુમાં વધુ મહેતલ ક્યામત સુધીની છે, ઓછામાં ઓછી મહેતલ કોઈ અચાનક આવી પડનાર આઝાબ એટલે કે કુદરતી આફતના ઉતરવા સુધીની છે અને વચલી મહેતલ મૌત આવવા સુધીની છે.

**સવાલ (૨૧) : ગળામાં ફસાનારી ખોરાકની તાવીલ બતાવો.**

જવાબ : ખુદા અને મઝહબના વિષે જે ખોટી કેળવણી–ઉલ્ટું જ્ઞાન હોય છે તે અક્કલથી વિરૂદ્ધ અને તર્કથી વિરૂદ્ધ હોવાને લીધે રૂહના માટે સહન ન થઈ શકનાર અને ગળું પકડી લેનાર હોય છે.

**સવાલ (૨૨) : આકાશ, પર્વત અને ધરતી (જમીન)ની તાવીલ શું છે ?**

જવાબ : પયગમ્બર (સ.અ.સ.) અને ઈમામ (અ.સ.)નું નૂર રૂહાનીયતનું આકાશ છે. હુજ્જતના દરજ્જાની રૂહાનીઓ પર્વત છે અને મુરીદોની રૂહાનીઓ ધરતી (જમીન) તથા માટી છે.

**સવાલ (૨૩) : ક્યામતના દિવસે ધરતી અને પર્વતો શા માટે (ધ્રુજશે) હાલશે અને પર્વતો શા માટે રેતીની જેમ ઊડશે ?**

જવાબ : કારણ કે ક્યામતના આવવાની સાથે જ મડદાઓ એટલે કે મરણ પામેલાઓની રૂહો અને હુજ્જતોને ગતિમાં આવવું છે એટલે કે હાલચાલ કરવી છે અને પીરના દરજ્જાની મોટી મોટી રૂહોથી અસંખ્ય સામાન્ય માનવીઓની રૂહો વિખેરાઇ જશે એમ કે જેવી રીતે પર્વતો નાની નાની રજકણો બનીને રેતીના ઢગલા બની રહ્યા હોય.

**સવાલ (૨૪) : હઝરત પયગમ્બર (સ.અ.સ.)ની રીસાલતને હઝરત મુસા (અ.સ.)ની રીસાલતથી શા માટે સરખાવવામાં આવી છે, જ્યારે કે હઝરત મુસા (અ.સ.)ની રીસાલતને ન માનવાથી ખુદાએ ફીરઓન અને તેની કૌમને સખત રીતે પકડી હતી એટલે કે શિક્ષા કરી હતી પરંતુ હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.સ.)ની રીસાલતને ન માનનારાને નથી પકડ્યા (શિક્ષા નથી કરી).**

જવાબ : રસૂલે બરહક એટલે કે સાચા રસૂલ (સ.અ.સ.)ની નબુવ્વત અને રીસાલતને હઝરત મુસા (અ.સ.)ની રીસાલતથી સરખાવવાનું એ રૂપમાં છે કે જેવી રીતે હઝરત મુસા (અ.સ.)ના વઝીર હઝરત હારૂન (અ.સ.) હતા તેવી જ રીતે પયગમ્બરે અકરમ (સ.અ.સ.)ના વઝીર મૌલાના અલી (અ.સ.) હતા, અને હઝરત

મુહમ્મદ રસુલુલ્લાહ (સ.અ.વ.)ની રીસાલતને ન માનનારાઓને જાહેરમાં એટલે કે સર્વને જાણ થાય એ રીતે નથી પકડવામાં આવ્યા કારણ કે ક્યામત ઘણી જ નજદિક છે માટે તેવા લોકોને મહેતલ દેવા માટે ફરમાવેલ છે.

**સવાલ (૨૫) : સરવરે અંબિયા (સ.અ.સ.) ઉમ્મતના માટે સાક્ષી પૂરનાર કેવી રીતે છે ?**

જવાબ : હઝરત પયગમ્બર (સ.અ.સ.) ઉમ્મતના માટે સાક્ષી પૂરનાર એ અર્થમાં છે કે તેવણ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમનું નૂર એટલે કે ઈમામે ઝમાન (સ.અ.સ.) સદાય દુનિયામાં હૈયાત અને હાજર છે.

**સવાલ (૨૬) : બચ્ચાંને વૃદ્ધ કરી દેનાર દિવસ ક્યો છે અને તે કેવી રીતે ?**

જવાબ : તે રૂહાની યુગ છે (રૂહાની જમાનો છે) જેમાં નાના નાના બચ્ચાંઓ વૃદ્ધોની જેમ અક્કલ અને જ્ઞાનનું પ્રદર્શન કરશે.

**સવાલ (૨૭) : આકાશ શી રીતે ફાટશે અને શા માટે ?**

જવાબ : ક્યામતના દિવસે આકાશ ફાટીને પડી જશે જેનો એ અર્થ છે કે રૂહાની જમાનામાં દુનિયાવાળાઓ ઉપર રૂહાનીયત છવાઇ જશે.

**સવાલ (૨૮) : ખુદાનું વચન (ખુદાનો વાયદો) પૂરો થનાર છે તો તેનો અર્થ એમ થયો કે તે કાર્ય (કે જેના માટે ખુદાએ વચન**

**આપેલું છે) પહેલાંથી જ અમલમાં આવી ચુક્યું છે, આ કેવી રીતે શક્ય છે ?**

જવાબ : તેમાં કોઇ શંકા નથી કે અલ્લાહતઆલાએ કયામતના વિષે જે કંઇ પણ વચન આપેલું છે અથવા વાયદો કરેલો છે તે તે જ છે કે જે આથી પહેલાં પણ હંમેશા અમલમાં આવી ચૂકેલો છે, જ્યારે કે ખુદાની આદત, તેની ટેવ હમણાં પણ એ જ છે કે જે પહેલાં હતી. (૪૮ : ૨૩).

**સવાલ (૨૯) : માનવી કેવી રીતે પોતાના પરવરદીગારની તરફનો રસ્તો ધારણ કરે ?**

જવાબ : સાચા હોદીની હિદાયતના પ્રકાશમાં, ઇતાઅત એટલે કે તાબેદારી તથા ઇબાદત કરવાથી ખુદા તઆલાની નજદીકી પ્રાપ્ત થાય છે.

**સવાલ (૩૦) : જો હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.) પહેલાંથી જ રાતનો લગભગ બે તૃતીયાંશ અથવા અર્ધો અથવા એક તૃતીયાંશ ભાગ જાગ્યા કરતા હતા તો પછી શા માટે આ સુરહના આરંભમાં એમ કરવાની આજ્ઞા કરવામાં આવી ?**

જવાબ : આ આજ્ઞાનો ઇશારો મોમીનોના તરફ છે કે તેઓ એ પ્રમાણે જાગ્યા કરે.

**સવાલ (૩૧) : હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ના સાથીઓમાંથી ક્યા લોકો એ પ્રમાણે નીયમિત પણે ઇબાદતના માટે જાગ્યાં કરે છે ?**

જવાબ : પવિત્ર ઈમામો તથા મોમીનો એ જ કલાકો–એ જ સમયમાં ઊઠે છે.

**સવાલ (૩૨) : એનો શો અર્થ છે કે ખુદાવંદતઆલા દિવસ રાત્રીનો અંદાજ કરે છે ?**

જવાબ : આનો ઈશારો એ છે કે અલ્લાહતઆલા જે મોમીનોની મદદ કરે છે તેને પોતાની ઈબાદતનો સમય ઘણો જ ટૂંકો અને ઓછો લાગે છે અને જ્યારે ખુદાની મદદ નથી હોતી ત્યારે તે વખત જો કે ઓછો હોય તો પણ ઘણો વધારે લાગે છે.

**સવાલ (૩૩) : "અલીમા અલ્લન તુહસુહુ"નો શો અર્થ છે અને તેની હીકમત બતાવો.**

જવાબ : એનો અર્થ છે કે "ખુદાએ જાણી લીધું છે કે તમો તેની ગણત્રી નહી કરી શકશો". અર્થાત ઈસ્મે આઝમને નક્કી કરેલાં વખતમાં જેટલી સંખ્યામાં પઢવું જોઈએ તે તમારાથી નહી થઈ શકશે અને સમાવેશ પણ નહી કરી શકશો તે માટે તમારાથી જેટલું થઈ શકે તેટલું પઢો (રટણ કરો).

**સવાલ (૩૪) : અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે કુરઆનમાંથી જે કંઈ પણ થઈ શકે તે પઢો, પણ ઘણા લોકો કુરઆન નથી વાંચી શક્તા તો પછી ખુદાની એ આજ્ઞાનું પાલન કેવી રીતે થાય ?**

જવાબ : મોમીનો માટે ઝીકરે ઈલાહી એટલે કે ખુદાના નામનું રટણ કુરઆનનું પ્રતિનિધિત્વ કરે છે.

ISW LS Institute for Spiritual Wisdom Luminous Science Knowledge for a united humanity

**સવાલ (૩૫) : શું બીમારો, મુસાફરો અને મુજાહીદો (લડવૈયાઓ)ના માટે પણ કુરઆન વાંચવું ફરજ છે ? (એટલે જરૂરી છે ?) દિવસના કે રાત્રીએ ? જો આ ફરજ દિવસની હોય તો તે કેવી રીતે જ્યારે કે નબી સાહેબ (સ.અ.સ.)ને ફરમાવવામાં આવ્યું કે દિવસના તમોને મોટાં મોટાં કાર્યો કરવાના હોય છે ?**

જવાબ : દિવસના હોય કે રાત્રીએ, બીમારો, મુસાફરો અને મુજાહિદો ઉપર ખુદાના નામને પઢવું (રટણ કરવું) ફરજ છે, અને એ જ નામ (ઈસ્મે આઝમ) કુરઆનને ઠેકાણે છે.

**સવાલ (૩૬) : સુરહના છેવટમાં નમાઝ કરવા (નિયમિત નમાઝ પડવા)ના માટે ફરમાવેલું છે, તો તેથી પહેલાં જે ઈબાદતના વિષે ફરમાન થયેલું છે તે શું નમાઝ નથી ?**

જવાબ : હા, તે ઝીકરે ઈલાહી હતું અને આ નમાઝ છે.

**સવાલ (૩૭) : અત્રે બે પ્રકારના માલની એટલે કે દુન્યવી મતાની કુરબાનીનો ઉલ્લેખ આવેલ છે એક છે ઝકાત અને બીજું છે કર્ઝે હસના; તો બતાવો કે ઝકાત શું છે અને કર્ઝે હસના શું છે ?**

જવાબ : ઝકાત જે છે તે માલ એટલે કે આમદાનીનો દસમો ભાગ વિગેરે છે અને કરઝે હસના મહેમાની છે.

**સવાલ (૩૮) : હુકમ છે કે જીંદગીમાં જ સારા આમાલ કરીને આગળ મોકલી દેવામાં આવે તો શું એ નેક કાર્યો જે મરણ પામેલાઓના હકમાં કરવામાં આવે છે તે નકામા છે ?**

જવાબ : માણસના માટે જરૂરી અને સૌથી ઉત્તમ એ છે કે તે જીંદગી દરમ્યાન જ નેકી કરીને આગળ મોકલી દે કે જેથી તેને સવાબ અને મુક્તિ મળે, એ શરતે કે તે ખુદાને ઓળખતો હોય; અને મરણ બાદ જે નેક કાર્યો તેના માટે કરવામાં આવે છે તે જો કે નકામા તો નથી પરંતુ તેનો સવાબ તેને ખૂબ ઓછો મળે છે.

**સવાલ (૩૯) : મરણ પછી નેક આમાલનો સવાબ ક્યાં અને ક્યા મુકામ ઉપર મળશે ?**

જવાબ : મરણ પછી માનવીના નેક આમાલનો સવાબ ફક્ત ખુદાના દરબારથી જ મળશે ત્યારે કે જ્યારે તેણે ખુદાની શનાખ્ત એટલે કે ઓળખ પ્રાપ્ત કરી હોય અને ખુદા સુધી પહોંચી ગયો હોય, નહીં તો નહીં.

**સવાલ (૪૦) : જે લોકો ખુદાને માનતા નથી પરંતુ તેઓ નેક કાર્ય કરે છે તો શું તેમને આખેરતમાં સવાબ મળશે ?**

જવાબ : આમાં બે બાબતો છે, પહેલું એ કે નેક કાર્ય એ જ છે અને ફક્ત એ જ છે કે જે ખુદા અને તેના રસૂલ (સ.અ.સ.) અને સાહેબે અમ્ર એટલે કે ઈમામે ઝમાને ફરમાવ્યા હોય, બીજું એ કે જો એવા લોકોના કોઈક કામને નેક પણ સમજી લેવામાં આવે તો તેમાં પણ શરતો (સિદ્ધાંત) ન હોવાને કારણે એવા કામનો અસ્વીકાર થઈ જાય છે.

**સવાલ (૪૧) : આ સુરહમાં અસ્તગફાર (માફી માગવા)નો હુકમ સૌથી છેવટમાં કેમ આવ્યો છે ?**

જવાબ : આ ઈશારો છે કે જ્યારે મોમીનો સુરહ મુઝમ્મીલની સઘળી આજ્ઞાઓ ઉપર ક્રમવાર અમલ કરશે તો તેના પરિણામે તેના ગુનાહો માફ કરી દેવામાં આવશે, અર્થાત નેક કાર્યો કર્યા વગર તૌબા અને અસ્તગફાર એટલે માફી નથી.

**સવાલ (૪૨) : અલ્લાહ તઆલા ફરમાવે છે કે હું જ સવાબ દેવામાં ઉત્તમ અને મોટો છું, તો શું ખુદા સિવાય પણ કોઈ છે કે જે તેથી ઓછો સવાબ દઈ શકે છે ?**

જવાબ : આમ તો નેકીનો એક નાનકડો અને હંગામી બદલો માનવી પણ દઈ શકે છે પણ સૌથી મોટો અને હંમેશ માટેનો-કાયમી બદલો ફક્ત ખુદા જ દયે છે.

**સવાલ (૪૩) : અલ્લાહ તઆલા ગુનાહોને કેવી રીતે માફ કરે છે ?**

જવાબ : જગતનો પાલનહાર - પરવરદીગાર, ઝીકર તથા ઈબાદત તથા જ્ઞાન અને હિકમતના મારફત ગુનાહોને માફ કરે છે.

**સવાલ (૪૪) : સુરહ મુઝમ્મીલ કઈ પ્રકારનો વિષય છે ?**

જવાબ : આ ઝીકર અને ઈબાદત તથા રૂહાની પ્રગતિનો વિષય છે.

# હદીસની હિકમતો (બાબે નબી) અર્થાત : નબી (અ.સ.)નો દરવાજો

બાબનો અર્થ છે દરવાજો અને બાબે નબી (અ.સ.)નો અર્થ છે નબી મુહમ્મદ (સ.અ.સ.)નો દરવાજો એટલે કે હઝરત અમીરૂલ મોમેનીન અલી (અ.સ.). કેમકે હઝરત મુહમ્મદ (સ.અ.સ.)નું ફરમાન છે કે "અના મદીનતુલ ઈલ્મ વ અલીય્યુન બાબુહા" અર્થ : હું ઈલ્મ–જ્ઞાનનું શહેર છું અને અલી તેનો દરવાજો છે. વળી હઝરત પયગમ્બર (સ.અ.સ.)નું એ પણ ફરમાન છે કે "અના દારૂલ હીકમતી વ. અલીય્યુન બાબુહા". અર્થ : હું હીકમતનું ઘર છું અને અલી તેનો દરવાજો છે, અને કુરઆનમાં ખુદાનું એ ફરમાન છે કે "અને ઘરોમાં તેના (ઘરના) દરવાજાથી આવો" ૨:૮૯, વળી હદીસ શરીફમાં જણાવેલું છે કે "લી કુલ્લી· શૈઈન બાબ" પ્રત્યેક વસ્તુનો એક દરવાજો હોય છે. કહેવાનો આશય એ છે કે મૌલા અલી અલૈહીસ્સલામ હઝરત મુહમ્મદ (સ.અ.સ.)ના ઈલ્મ–જ્ઞાન અને હિકમતનો દરવાજો છે.

**હિકમત પહેલી :** બૈતુલ્લાહ એટલે કે ખુદાના ઘરની કલ્પના ઈસ્લામની મૂળભુત કલ્પનામાંથી છે. એમાં એક ખાસ હિકમત મુજબ એમ ધારી લેવામાં આવ્યું છે કે જાણે એ પવિત્ર ઘરમાં ખુદાતઆલાનો મુબારક દીદાર થાય છે અને આ એક ખૂબ મોટી હિકમતથી ભરેલી ઉપમા છે અને અહી એ ઉપમાનું મૂળ એટલે કે જે દૃષ્ટાંત

આપેલ હોય તેનું અસલ પોતાના સમયમાં નામદાર પયગમ્બર સાહેબ (સ.અ.સ.) હતા.

અર્થાત : બન્ને જગતના સરદાર, આદમના વંશના ગૌરવ, રહેમત–દયાના નબી સલ્લલ્લાહુ અલૈહી વસલ્લમ, ખુદા તઆલાનું એ હકીકી અને નૂરાની ઘર હતા કે જેમાં ખાસ બંદાઓને ખુદાવન્દે બરહક્નો મુબારક દીદાર અને તેની પવિત્ર ઓળખાણ એટલે કે મારફત પ્રાપ્ત થાય છે અને તેનો દરવાજો હ. અલી (અ.સ.) હતા, અર્થાત, હ. અલી (અ.સ.)ની મિત્રતાથી તેમના દ્વારા અને હ. અલી (અ.સ.) મારફત મોમીનોને આ સદ્દભાગ્ય પ્રાપ્ત થતું હતું.

**બીજી હિકમત :** આ દૃષ્ટાંતમાં જ્યારે પયગમ્બરોના સરદાર (સ.અ.સ.)એ પોતાની પવિત્ર હસ્તીને જ્ઞાનનું શહેર અને હિકમતનું ઘર તથા હઝરત અલી (અ.સ.)ને એ શહેર તથા એ ઘરનો દરવાજો ગણાવ્યો તો દરેક મુસ્લીમને એ માનવું પડશે કે તે સમયે કુરઆન અને ઈસ્લામના અન્ય દૃષ્ટાંતો પણ આપ નામદાર (સ.અ.સ.)ની નજર સામે હતા. માટે આપ નામદાર (સ.અ.સ.)એ આએ દૃષ્ટાંતમાં કુરઆન અને ઈસ્લામના જ્ઞાન અને હિકમતની દરેક વસ્તુઓને પોતાના નૂરાની વ્યક્તિત્વમાં મર્યાદિત કરી દીધી અને તેની આજુબાજુ હઝરત અલી (અ.સ.)ના વ્યક્તિત્વ તથા મરતબાના દીવાલ–દરવાજાની હદ એટલે કે સીમા બનાવી દીધી.

**ત્રીજી હિકમત :** ખુદાતઆલાની બાદશાહત (એટલે કે આ બ્રહ્માંડ – આ કાયનાત તથા તેમાં મૌજૂદ સઘળી વસ્તુઓ)ની કોઇ વસ્તુ એવી નહી મળશે કે જે કુદરતની રક્ષણ કરવાની ગોઠવણ વડે

રક્ષિત ન હોય, દાખલા તરીકે ધરતી અને સમુદ્રમાંના ખનીજ તથા ઝવાહીરાતને જુઓ કે કુદરતના કાયદાએ તેમની હસ્તીને કેવી રીતે રક્ષા આપી છે, વૃક્ષોના માટે વિચારો કે તેના મૂળીયાં જમીનની અંદર નીચેનાં ભાગમાં છુપાયેલાં છે, થડને સખત છીલ્ટાનો પોષાક પહેરાવવામાં આવેલ છે. નાજુક ડાળીઓને જમીનથી ઊંચે-ઊંચાઇ પર રાખેલ છે, ફળને છીલ્ટામાં રક્ષિત રાખેલ છે અને મગજ (અંદરના ગર્ભ)ને ગોટલાના ધાબળાની વચ્ચે રાખેલો છે, એ જ રીતે જનાવર તથા માણસની કુદરતી રક્ષાના વિષયમાં વિચારવામાં આવે તો પરિણામે એ કબુલ કરવું પડશે કે દીનના જ્ઞાન અને હિકમત કે જે જગતની કિમતી વસ્તુઓ કરતાં ઘણાં વધુ પ્રમાણમાં – ઘણું જ વધારે સ્પષ્ટ અને જગજાહેર છે તે વધુ સારી રીતે અને મજબૂત રીતે રક્ષિત છે – (રક્ષણની અંદર છે).

**ચોથી હિકમત :** કુરઆનમાં (૪૨ : ૧૨ તથા ૩૯ : ૬૩માં) આકાશ તથા ધરતીની ચાવીઓનો ઉલ્લેખ આવેલ છે કે તે (ચાવીઓ) ખુદાની જ છે વળી ફરમાવેલું છે કે આકાશ તથા ધરતીના ખજાનાઓ ખુદાના જ છે (૬૩ : ૭). કુરઆનમાં આવેલ આ ફરમાન અને આ પ્રકરણમાં આવેલ હદીસનું પરિણામ એ નિકળે છે કે કુરઆનના જ્ઞાન અને હિકમતનો ખજાનો હઝરત નબી સાહેબ છે કે જે જગત માટેની રહેમત એટલે કે "રહેમતે આલમ" (સ.અ.સ.) છે, અને તેના ખજાનચી મૌલા અલી મુશ્કીલ કુશાં (અ.સ.) છે.

**પાંચમી હિકમત :** કુરઆનમાં ફરમાવેલું છે કે "ઇન્નહુ કુરઆનુલ કરીમુન ફી કીતાબીમ્મકનુ નીલ્લા લાયમુસ્સુહુ ઇલ્લલ હીરૂન

(૫૬ : ૭૭થી ૭૯) અર્થ : ચોક્કસ એ અતી માનવંત કુરઆન છે જે એક સુરક્ષિત કીતાબમાં (લખેલું) છે તેને તેજ લોકો અડે છે જેઓ પવિત્ર – પાક બનાવવામાં આવ્યા છે. આનો અર્થ એ થયો કે કુરઆને કરીમ હઝરત મુહમ્મદ (સ.અ.સ.)ના નૂરની સુરક્ષિત કીતાબમાં છે અને પવિત્ર એહલેબૈતના ઇમામોનેજ તેના સુધી પહોંચવાની શક્તિ પ્રાપ્ત થયેલી છે અને તેમાંથી જેને જેટલું જ્ઞાન મળેલું છે તે (જ્ઞાન) તેવાણ માનવંત સાહેબોના મારફત જ જાહેર થયું છે.

**છઠ્ઠી હિકમત :** સુરહ નૂરની આયત નંબર ૩૬માં ફરમાવેલું છે કે ખુદા તઆલા આસમાન અને જમીનનું નૂર છે, તેના નૂરનું દૃષ્ટાંત એવું છે કે જેમ એક ગોખલો છે જેમાં એક પ્રકાશિત દીવો હોય. આ મુબારક કેળવણીમાં એટલે કે જ્ઞાન દેવામાં ગોખલાની ઉપમા થકી (કે જે બીજે ક્યાંય નથી હોતો પણ ઘરમાં જ હોય છે) એક ઘરનો ઉલ્લેખ છે. અર્થાત ખુદાના નૂરની ઉપમા જે પ્રકાશિત દીવા સાથે આપેલી છે તે હઝરત મુહમ્મદ મુસ્તફા (સ.અ.સ.)ના પવિત્ર વ્યક્તિત્વના ગોખલામાં છે તો પછી સ્પષ્ટ છે કે એ પવિત્ર ઘરમાં સર્વકાંઇ મૌજૂદ છે કે જે હિકમતનું ઘર છે અને જેનો દરવાજો હઝરત અલી (અ.સ.) છે.

**સાતમી હિકમત :** અમને સીધા રસ્તાની હિદાયત કર એટલે કે "ઇહદીના સીરાતલ મુસ્તકીમ"ની કેળવણીનો હેતુ એ છે કે આપણે ન ફક્ત શાબ્દિક રીતે (જીભ વડે) દુઆ માગીએ પરંતુ આ અર્થના દૃષ્ટાંતને પણ સમજી લઇએ, મગજમાં બેસાડી લઇએ કે પયગમ્બર (સ.અ.સ.) અને ઇમામ (અ.સ.)ના માર્ગદર્શન અને ફરમાન બરદારીમાં ખુદાની સામે, ખુદાની સેવામાં પહોંચી જવાનો રસ્તો ઇસ્લામ જ છે

જે ઉપર શરીયત, તરીકત, હકીકત અને મારફતની મંઝીલો સામે આવે છે, માટે આ મુજબ એ સ્પષ્ટ થાય છે કે જ્યાં સાચો મઝહબ એટલે કે દીને હક એક સીધા રસ્તાના રૂપે છે ત્યાં તેની છેલ્લી મંઝીલ અર્થાત્ મંઝીલે મકસુદ એક ઘરના સ્વરૂપે છે કે જે મારફત અને હિકમતનું ઘર છે જેનો દરવાજો બરહક ઈમામ (અ.સ.) છે.

**આઠમી હિકમત :** સુરહ નીસાની ૭૫મી આયતમાં જેમ ફરમાવેલું છે, જેનો તરજૂમો આ મુજબ છે "અને જે લોકો અલ્લાહ ઉપર ઈમાન લાવ્યા અને તેઓએ અલ્લાહને દૃઢતાથી ઝાલી રાખ્યો (પકડ્યો) તો એવાઓને ખુદાવંદ પોતાની રહેમત અને ફઝલમાં દાખલ કરશે અને પોતાના સુધી (પહોંચવા) તેઓને સીધો રસ્તો બતાવશે."

રબ્બુલ ઈઝઝતના આ પવિત્ર ફરમાનનો સાર એ છે કે સાચા હાદીની તાબેદારીનું દામન પકડવું જાણે કે ખુદાને મજબૂત પકડવા જેવું છે અને તેના માર્ગદર્શન અને કેળવણી મુજબ – તેની હિદાયતના પ્રકાશમાં સાચા અને સીધા રસ્તાની ધારેલી મંઝીલ ઉપર પહોંચવું એમ છે કે જેમ ખુદાતઆલાએ પોતે જ સીધા રસ્તાનું માર્ગદર્શન કરીને કોઈને પોતાના પવિત્ર વ્યક્તિત્વની મારફત સુધી એટલે કે ઓળખાણ સુધી પહોંચાડી દીધો અને ખુદાની મુલાકાત તથા મારફત સુધી આમ પહોંચવું ફક્ત હિકમતના ઘરમાં જ શક્ય છે કે જેનો દરવાજો બરહક ઈમામ (અ.સ.) છે.

**નવમી હિકમત :** ખુદાનું ફરમાન છે કે "તે જેને ચાહે હિકમત અર્પણ કરે છે અને જેને હિકમત અર્પણ કરી દીધી તો પછી ચોક્કસ તેને ઘણી વધારે ખૈરો બરકત એટલે કે ભલાઈ અર્પણ કરી દીધી (૨ : ૨૬૯).

આ પવિત્ર કેળવણીથી જણાય છે કે જ્યાં જ્ઞાનનું શહેર અને હિકમતનું ઘર છે ત્યાં સર્વકાંઇ છે અને કોઇ ભલાઇ અને ઉત્તમતા, કોઇ બરકત તેનાથી જુદાં નથી.

**દસમી હિકમત :** જ્યારે કોઇ શહેરનો કોઇ દરવાજો હોય છે તો જરૂરી છે કે તેની ફરતે કોઇ મજબૂત ભીત, ચારે તરફ કોઇ દીવાલ પણ હોય છે કે જેથી તે શત્રુઓ અને ચોરેથી રક્ષિત રહે અને કોઇ ઘર હોય તો તેના માટે પણ આમ જ હોય છે અને રક્ષણ માટેની – બચાવ માટેની દીવાલ વગર દરવાજાની કોઇ કલ્પના જ નથી હોતી, જેનો અર્થ એમ થયો કે હઝરત અલી (અ.સ.) ન ફક્ત જ્ઞાનના શહેર અને હિકમતના ઘરનો દરવાજો જ છે પરંતુ તેવણ નામદાર (અ.સ.) તે (શહેર તથા ઘર)ની દીવાલ પણ છે અને એ જ અર્થમાં ફરમાવવામાં આવ્યું છે કે "વ કુલ્લ શૈય્યીન અહસૈના હુ ફી ઈમામીમ્મુબીન" (૩૬ : ૧૨) અર્થ : અને અમોએ દરેક વસ્તુઓ જાહેર ઈમામમાં સમાવી દીધી છે.

# હઝરત ઈસા (અ.સ.) રૂહ છે કે શરીર ?

અક્કલવાળાઓ – વિદ્વાનોના માટે આ એક મોટો ગૂંચવણભર્યો કોયડો બની રહ્યો છે કે શું હઝરત ઈસા (અ.સ.) મૂળતત્ત્વના શરીર સહીત ખુદા તઆલાની તરફ ઉપાડવામાં આવ્યાં છે કે પછી ફક્ત અને ફક્ત રૂહની હેસીયત છે ? આવો આપણે કુરઆનની આયતોની હિકમતના પ્રકાશમાં આ મહત્ત્વના સવાલનો યોગ્ય ઉકેલ શોધીએ.

ખુદાનું ફરમાન છે કે "જ્યારે ફરીશ્તાઓએ કહ્યું કે અય મરીયમ નિઃસંશય અલ્લાહતઆલા તમને એક શબ્દ – એક કલ્માની ખુશ ખબરી (દૈવી પ્રેરણા) આપે છે કે જે અલ્લાહના તરફથી હશે. તેનું નામ મસીહ એટલે કે મરીયમનો પૂત્ર ઈસા હશે..." (૩/૪૪) કુરઆનની આ ફરમાનની હિકમત થકી એ અર્થ સ્પષ્ટ થાય છે કે હઝરત ઈસા (અ.સ.)નું હકીકી એટલે કે મૂળ સ્વરૂપ સર્વ પ્રથમ એક પવિત્ર કલ્માના રૂપમાં સંપૂર્ણ અને નક્કી થયેલું હતું અને એ જ જીવંત કલ્માને રૂહ પણ કહેવામાં આવે છે. એ જ બોલતો કલ્મો (શબ્દ) અને એ જ જીવંત અને અનંત રૂહ ઈસ્મે આઝમની હેસીયતે બીબી મરીયમના કાન વાટે નાંખવામાં આવી જે આગળ જતાં પૂરેપૂરૂં મનુષ્યત્ત્વના પોષાક વાળો દેહધારી (માણસ) બની ગયો અને પછી પોતાની વયના છેવટનાં સમયમાં શરીર એટલે કે દેહ છોડીને બિલ્કુલ

એ જ રીતે એકલો થઇ ગયો જેવો કે તે આરંભમાં હતો.

આ વિષયમાં આપણને શરીર – હસ્તીની હકીકત વિષે પણ ખૂબ સારી રીતે વિચારવું જોઇએ કે હસ્તી બે પ્રકારની છે એટલે કે અક્કલવાળી અને ભેદ પાડનારી (અક્કલ વગરની) જાહેરી અને બાતીની, અથવા રૂહાની અને શારીરિક અથવા હકીકી એટલે કે સત્ય – અને વધારાની એટલે અસલથી વિરૂદ્ધ અથવા નૂરાની અને અંધકારવાળી વિગેરે, હવે માનવીની નૂરાની હસ્તી તેની રૂહ છે અને અંધકારમયી હસ્તી તેનું શરીર, જેનું એક જાહેરી દૃષ્ટાંત વૃક્ષ અને તેનો પડછાયો છે. આપણું શરીર કે જે આપણી અંધકારમયી હસ્તીની સ્થિતિમાં છે તે બેશક અમુક હદ સુધી આપણી નૂરાની હેસીયત જેવું જ છે કારણ કે દરેક વસ્તુનો પડછાયો સંપૂર્ણ પણે તો તે અસલ વસ્તુના જેવો નથી થઇ શક્તો. દાખલા તરીકે પથ્થરનો પડછાયો પથ્થર જેવો સખત અને મજબૂત નથી હોઇ શક્તો. ઝાડના પડછાયાથી કોઇ ફળ નથી મળતું, ફૂલના પડછાયામાં કોઇ રંગ અને ગંધ નથી હોતી અને વાદળાના પડછાયાથી કોઇ વરસાદ નથી વરસતો. મતલબ કે મૂળ વસ્તુ જુદી છે અને તેનો પડછાયો જુદી વસ્તુ છે. દિવસની વેળાએ તો પડછાયામાં પણ કંઇક પ્રકાશ ભળેલો હોય છે અને પોત પોતાની વસ્તુઓની સાથે લાગ્યા રહેવાથી તેમાં કંઇક રોનક પણ હોય છે પરંતુ જ્યારે પ્રકાશનું મૂળ, અર્થાત નૂરનું અસલ, તેનાથી દૂર થઇ જાય છે ત્યારે તો દરેકે દરેક પડછાયા એક પછી એક દરિયામાં ડૂબી જઇને ફના થઇ જાય છે. આ એ દરિયો છે જે ધરતીનો પડછાયો છે, જેને રાત્રી કહેવામાં આવે છે. દાખલા તરીકે માનવ શરીરનું દૃષ્ટાંત લઇએ કે જ્યાં સુધી તેમાં રૂહનો પ્રકાશ ફેલાયેલો હોય છે ત્યાં સુધી તેનાં રૂપ–ગુણ અને

તેની શાન તથા આબરૂ સચવાયેલાં છે, જેવું રૂહ રૂપી પંખી માનવ શરીરનાં કેદખાનાથી ઊડી ગયું કે તેના ગૂણ અને તેની કિંમત ખલાસ થઇ જાય છે અને તેના ટૂકડાઓ એટલે કે તેના ભાગો "કુલ્લી શૈય્યીન યર જેઉ ઈલા અસલીહી"ના હુકમ મુજબ તેનાં મૂળ તત્ત્વો સાથે મળી જાય છે.

હઝરત ઈસા (અ.સ.)ના વિષે પવિત્ર–મહાન ખુદાનું ફરમાન છે કે "જ્યારે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, અય ઈસા ચોક્કસપણે હું તમોને મૃત્યુ દેનાર છું અને હું તમોને મારી તરફ ઉપાડી લઉ છું અને તમોને એ લોકોથી પાક કરી દેનાર છું જેઓ નાસ્તિક છે..." (૩:૫૫).

અલ્લાહ તઆલાના આ પવિત્ર ફરમાનમાં હઝરત ઈસા (અ.સ.)ના શારીરિક મૃત્યુ અને રૂહાની રીતે ખુદાની તરફ ઉપાડી લેવાનો ઉલ્લેખ સ્પષ્ટ અને સાફ છે અને જ્યાં ફરમાવવામાં આવ્યું છે કે "તમોએ ન તેનું ખૂન કર્યું અને ન તેને શૂળીએ ચઢાવ્યો" તેનો અર્થ એ છે કે હઝરત ઈસા રૂહઅલ્લાહ (અ.સ.) એક પવિત્ર રૂહ અને એક ચમત્કારી શબ્દ (કલ્મા)ની હેસીયતે હતા અને રૂહ અને કલ્માને ન તો શૂળીએ ચઢાવી શકાય અને ન તો તેનું ખૂન કરી શકાય છે અને આપણને એ વાત અજબ જેવી શા માટે લાગે છે જ્યારે કે કુરઆનની આ હકીકતમાં કંઇ પણ અજાયબી નથી જેમાં ફરમાવેલું છે કે "અને જે લોકો અલ્લાહની રાહમાં માર્યા ગયા છે તેઓને હરગીઝ મરણ પામેલા ન સમજો બલ્કે તેઓ પોતાના પરવરદીગારની પાસે જીવતા છે." (૩ : ૧૬૮)

ખુદાના આ હુકમ વડે સ્પષ્ટપણે જણાય છે કે શહીદ લોકો

જો કે એક રીતે તો માર્યા ગયેલાં છે તો બીજી રીતે જીવંત છે અર્થાત કે શહીદ થનાર એક પ્રકારે શારીરિક રીતે ખુદાની રાહમાં માર્યા જાય છે અને રૂહાની પ્રકારે દુનિયાથી જ જીવંત, આખરતના જગતમાં ચાલ્યાં જાય છે.

આ ઉપરથી જાણાય છે કે અહી "ખૂન" અથવા "માર્યા જવા"ના શબ્દનો સંબંધ શરીર સાથે અને "જીવતા રહેવા"ના શબ્દનો સંબંધ રૂહ સાથે છે જેમકે હદીસમાં ફરમાવેલું છે કે "મોમન મરતો નથી પણ ફનાના ઘરથી બકાના ઘર તરફ કૂચ કરી જાય છે" પણ આ હદીસનો એવો અર્થ હરગીઝ નથી કે મોમન શારીરિક રીતે નથી મરતો.

સૂરહ મરીયમની સત્તરમી આયતમાં ફરમાવેલું છે કે "ફ અરસલનાક .ઈલૈહા ફતમસ્સલ લીહા બશરન સવ્વીયા" (૧૯ : ૧૭).

"પછી અમોએ તેની (મરીયમની) પાસે અમારા ફરીશ્તાને મોકલ્યો અને તે તેની પાસે એક પૂરો માનવી (મનુષ્ય સ્વરૂપ) બનીને જાહેર થયો...." હવે જો રૂહ અને ફરીશ્તો સંપૂર્ણપણે મનુષ્યનું સ્વરૂપ ધારણ કરીને જાહેર થઇ શકે છે તો એક પરિપૂર્ણ (સર્વજ્ઞાન સંપન્ન) માનવી પણ આ મનુષ્યદેહી છોડીને રૂહ અને ફરીશ્તો બની શકે છે કે જેથી એ સિદ્ધાંત વ્યાજબી થઇ રહે કે શારીરિક જગતમાં શરીર જ જાહેર થવા માટેનું સાધન છે અને રૂહાની જગતમાં રૂહના મારફત જ પહોંચી શકાય છે જેમકે હઝરત ઈસા (અ.સ.) પોતે આસમાની અને ઈશ્વરી પ્રેરણાની સ્થિતિમાં એક અને એકલો શબ્દ (કલ્મો) હતા. તેવાણ, વગર શરીરે આ જગતમાં જાહેર નહી થઇ શકતા હતા અને

એ જ રીતે શરીરને તજ્યા વગર રૂહાનીયતના આસમાનમાં સદાને માટે રહી પણ નહી શક્તા હતા.

વળી હઝરત ઈસા (અ.સ.)ના વિષે કુરઆનમાં (૨ : ૮૭) અને (૨ : ૨૫૩)માં ફરમાવેલું છે કે "વ આતૈના ઈસા ઈબ્ને મરીયમ અલ બૈનાતી વ અય્યદા નહુ બીરૂહુલ કુદુસ..." "અને અમોએ મરીયમના પુત્ર ઈસાને ખુલ્લી અને સ્પષ્ટ નીશાનીઓ (મોઅજીઝાઓ) આપ્યા એ પવિત્ર રૂહ (રૂહુલ કુદુસ) વડે તેની મદદ ર્ક્યા કરી."

ખુદાના આ ફરમાનમાં હઝરત ઈસા (અ.સ.)ને બે આસમાની વસ્તુઓ આપવામાં આવી હોવાનો ઉલ્લેખ છે. એક વસ્તુ તેમણ નામદારના ચમત્કારો છે જે સ્પષ્ટ અને પ્રખ્યાત હતા અને બીજી વસ્તુ સ્વર્ગીય અર્થાત ગૈબી મદદ છે કે જે તેવાણને પવિત્ર રૂહના થકી પ્રાપ્ત થતી રહેતી હતી કે જે (પવિત્ર રૂહ) (તેમના વ્યક્તિત્વમાં) તેમની હસ્તીમાં ગુપ્ત રીતે રહેલ હતી. આજ કારણ છે કે ચમત્કારોને અલગ નામ દેવામાં આવ્યું અને મદદને અલગ. નહી તો બન્ને હકીકતોને એક જ નામથી યાદ કરવામાં આવતે.

બીજી ખાસ વાત તેમાં એ છે કે તેવાણના જાહેરી ચમત્કારો એક નક્કી સમય સુધી હતા અને ખુદાઇ મદદ કે જે એક રૂહાની હકીક્ત હતી તે તેવાણને તે સમયે પણ પ્રાપ્ત થતી રહેતી હતી જ્યારે કે તેઓ આ માટીના શરીરને ત્યાગી રહ્યા હતા અને જ્યારે કે યહુદીઓ પોતાની કલ્પના મુજબ પોતે તેવાણને શૂળીએ ચડાવી રહ્યા હતા પરંતુ તેવાંણને ખુદાઇ મદદના લીધે ન કોઇ બીક કે ડર હતો અને ન કોઇ શોક અને ન કોઇ દુ:ખ કે તકલીફ. કારણ કે ખુદાની સંપૂર્ણ

મદદનો આજ અર્થ છે અને આવી મદદનો ખુલાસો એ છે કે હઝરત ઈસા (અ.સ.) અસલમાં એક પવિત્ર રૂહ અને હીકમત સભર કલમાની હેસીયતમાં જીવતાં રહી શક્તા હતા તો પછી રૂહુલ્લાહ અને કલ્માતુલ્લાહ એટલે કે અલ્લાહની રૂહ અને અલ્લાહના કલ્માને કઇ રીતે શૂળીનો અને હત્યા થવાનો ડર અને દુ:ખ થઇ શકે છે અને કોઇ એવી ચમત્કારી હસ્તી કે જેનું ટકી રહેવું, અથવા બાકી રહેવું અને જીંદગી તથા લાગણીઓ અને સમજદારી પવિત્ર રૂહ તથા પાક કલ્માના સ્વરૂપમાં હોય તેને કઇ રીતે હાથપગમાં ખીલા ઠોકીને ક્રોસ ઉપર લટકાવીને મારી શકાય છે અથવા કઇ રીતે તેની હત્યા કરી શકાય છે.

અલ્લાહ તઆલાનું ફરમાન છે કે "વમા કતલુહુ વમા મસલબુહુ વ લાકીલ શુબ્બીહ લહુમ..." (૪ : ૧૫૬) અર્થ : તેમણે તેને (એટલે કે હઝરત ઈસાને) ન મારી નાંખ્યો અને ન તો તેને શૂળીએ ચઢાવ્યો પરંતુ તેઓને (એટલે કે લોકોને) સંદેહ – વહેમ થઇ ગયો (અને જે લોકો આ બાબતમાં મતભેદ કરે છે તેઓ આ બાબતથી ખરેજ મોટી શંકામાં પડ્યા છે કેવળ ગુમાન (અટકળ)ના અનુકરણ સિવાય તેમને આ બાબતમાં કંઇ જ્ઞાન નથી) અને આ તો ખાત્રીપૂર્વક છે કે તેમણે તેની હત્યા નથી કરી બલ્કે તેમને (એટલે કે હઝરત ઈસાને) ખુદાએ પોતાની તરફ ઊંચકી લીધા છે. (૪ : ૧૫૮).

ખુદાના આ ઈરશાદ થકી જાણાય છે કે ખુદાના હીસાબે હઝરત ઈસા (અ.સ.)ની હત્યા નથી થઇ અથવા તેને ખીલા ઠોકીને ક્રોસ ઉપર ચઢાવવામાં નથી આવ્યા પરંતુ કાફરો – નાસ્તીકોને એવું જ નજરે પડ્યું – એમ જ દેખાણું કે જાણે તેમણે હઝરત ઈસા

(અ.સ.)ને શૂળીએ ચઢાવીને તેમની હત્યા કરવામાં સફળતા મેળવી હોય અને તે કોઇ પણ પ્રકારે જીવતો ન બચે જેનો અર્થ એમ થયો કે ખુદાના ખાસ બંદા માટે રૂહાની પ્રકારે એમ નથી કે તેને શૂળીએ ચઢાવીને તેની હત્યા કરી શકાય, ખાસ કરીને હઝરત ઇસા (અ.સ.)ને કે જેઓ રૂહુલ્લાહનો માન દરજ્જો ધરાવતા હતા, જેઓ શરૂઆતથી જ રૂહાની જ રૂહાની હતા, જેઓ દરવેશીનો એક સંપૂર્ણ નમૂનો હતા જેને લીધે તેમનું શરીર ધારણ કરવું તો ફક્ત નામ પૂરતું હતું, જેની પવિત્ર રૂહને ખુદાતઆલાએ વચન મુજબ (વાયદા પ્રમાણે) નાસ્તીકોના વચ્ચેથી ઊંચકી લીધું અને તેમનું મુબારક શરીર કે જે રૂહના માટે એક ફાટી ગયેલ કે ચીમળાઇ ગયેલ વસ્ત્ર સમાન હતું, તે કાફરોને દઇ દીધું કે જેથી કાયદા પ્રમાણે – કાનૂન મુજબ ખૂબ જ વધારે ગુનેહગાર બની જાય અને "શુબ્બીહ લહુમ"નો અર્થ એ છે કે દરેક મનુષ્યના જાહેરી વ્યક્તિત્ત્વના સંબંધે એ ગુમાન અથવા સંદેહ થાય છે કે માનવીજ કાંઇક છે માટે કાફરોએ હઝરત ઇસા (અ.સ.)ના શરીર ઉપર કાબુ મેળવીને એમ ધાર્યું હતું કે આજ ઇસા છે – (ઇસા તરીકે જે છે તે આજ છે) જો કે હકીકી, રૂહાની અને નૂરાની ઇસા (અ.સ.) તો જુદાં જ હતા, જેના ઉપર આ લોકો ક્યારેય કાબુ નહી મેળવી શક્યા હતા. અર્થાત ઇસા (અ.સ.) તો આરંભમાં પણ અને અંતમાં પણ રૂહ હતા, માટે ફરમાવવામાં આવેલ છે કે તેઓને સંદેહ થઇ ગયો અને આ સંદેહ કંઇ એ અર્થમાં નથી કે તેઓને કોઇ શંકા થઇ હોય બલ્કે આનો અર્થ કુદરતની ભાષાનો ખુલાસો છે કે તેમણે હઝરત ઇસા (અ.સ.)ના શરીર સાથે જે વર્તાવ કર્યો તે તેઓને બિલ્કુલ એવો લાગ્યો કે જાણે તેમની (હઝરત ઇસા અ.સ.)ની સાથે એ વર્તાવ કર્યો હોય.

# કોયડાનો ઉકેલ

આપની સેવામાં અરજ કરવાની કે એ વાત ચોક્કસ છે કે હઝરત રસુલ (સ.અ.સ.) જન્મથી જ પવિત્ર–પાક અને નિર્દોષ હતા, જેની સાબિતીના માટે કુરઆન તથા હદીસ અને જ્ઞાનીઓની ઘણી દલીલો મૌજૂદ છે અને અમો તેમાંની અમુક નીચે મુજબ રજુ કરીએ છીએ :

(૧) સુરહ ઈબ્રાહીમ (૧૪ : ૩૫)માં ઉલ્લેખ છે કે હઝરત ઈબ્રાહીમ (અ.સ.)એ પોતાના અને પોતાની હાલની તથા આવનારી ઔલાદના હકમાં અલ્લાહતઆલાથી એ દુઆ માગી હતી કે પરવરદીગાર તેઓને મૂર્તિઓની પૂજા કરવાથી બચાવી રાખે કારણ કે મૂર્તિપૂજા ન ફક્ત ગુમરાહી એટલે કે માર્ગથી ભટકાવનારી બાબત છે પરંતુ (૧૪ : ૩૬) નાપાકી એટલે કે અ–પવિત્રતા પણ છે (૨૨ : ૩૦) અને આ દુઆમાં જાહેરી અને બાતીની બન્ને પ્રકારની મૂર્તિપૂજાનો ઉલ્લેખ છે. ટૂંકમાં એટલું કે હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ની આ દુઆમાં સંપૂર્ણ પ્રકારના ગુનાહોથી બચીને પવિત્ર તથા નિર્દોષ રહેવાની વિનંતી કરવામાં આવી છે અને હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)નું ફરમાન છે કે "હું મારાં પૂર્વજ હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ની દુઆનું ફળ છું" આ ઉપરથી જણાય છે કે હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ની આલમાંથી સઘળાં અંબીયાઓ અને ઈમામો જન્મથી જ પાક–પવિત્ર અને નિર્દોષ છે.

(૨) ખુદા તઆલાના પવિત્ર ફરમાન "લ અમરૂક" (તમારી જીંદગીના સોગંદ)ની હિકમતથી સ્પષ્ટ થાય છે કે હઝરત પયગમ્બર (સ.અ.સ.)ની પૂરી જિંદગી નિર્દોષતા અને પવિત્રતા ભરેલી હતી, જો એ આમ ન હોત તો પરવરદીગાર પોતાના પ્યારા – પોતાના હબીબ (સ.અ.સ.)ની જીંદગીના સોગંદ નહી ખાતે, કારણ કે સોગંદ ફક્ત પાક અને નિર્દોષ વસ્તુના ખવાય છે.

(૩) હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.) પવિત્ર અને નિર્દોષ જ હતા તેથી જ તેવણના માનમાં "વ ઈન્નક લઅલા ખુલુકીન અઝીમ" (અને બેશક તારી નીતિ – તારૂં ચારીત્ર્ય ઘણું જ ઊચ્ચ પ્રકારનું છે.) (૬૮ : ૪) ફરમાવવામાં આવ્યું છે સ્પષ્ટ છે કે ખુલુકી અઝીમના અર્થથી અમાનત ની સંભાળ, પરહેઝગારી અને નિર્દોષતા તથા પવિત્રતા ક્યારેય અલગ નથી.

(૪) વળી "ઈન્ના અકરમકુમ ઈન્દલ્લાહી અત્કાકુમ" (બેશક અલ્લાહની પાસે તમારામાંથી વધારે માનવંત એ જ છે કે જે વધારે પરહેઝગાર છે) (૪૯ : ૧૩), સદ્‌ગુણોમાંથી પરહેઝગારીના ગુણની જરૂરત – આ ગુણને અંગીકાર કરવાનું સૌથી પ્રથમ અને સૌથી ઊચ્ચ દરજ્જા ઉપર જરૂરી પવિત્ર મનુષ્ય એટલે કે નેક માનવી ઉપર જ થાય છે. અને પરહેઝગારીનું બીજું નામ નિર્દોષતા છે.

(૫) હવે રહ્યો સવાલ "વ વજદક ઝાલન ફ હદાઈ" (અને અલ્લાહતઆલાએ તમોને રૂહાનીયતથી અજાણ જોયો જેથી તેણે તમારૂં માર્ગદર્શન કર્યું.) (૯૩ : ૭) તો આ બારામાં એટલું જણાવવાનું કે જો આ ફરમાન કોઈ એક સામાન્ય માનવીના વિષે હોત તો તેનો અર્થ

તે માનવીની સઘળી હાલતને દૃષ્ટિ સમક્ષ રાખીને નક્કી થઇ જાત અને કદાચ કહેવાત કે તે સામાન્ય માનવી મઝહબના માર્ગ ઉપર નહોતો જેથી ખુદાએ તેને મઝહબનો માર્ગ બતાવ્યો, અથવા કહેવાત કે તે માનવી અભણ–ગમાર હતો તેને જ્ઞાની બનાવી દીધો વિગેરે. પરંતુ કેમકે આ ફરમાન રસૂલોના સરદાર અને સુબ્બુલના માર્ગદર્શકની શાનમાં છે જેની નિર્દોષતા અને પવિત્રતાના પ્રકરણમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, "તાહા" એટલે કે પવિત્ર અને નિર્દોષ (૨૦ : ૧) માટે હઝરત પયગમ્બર સાહેબ (સઅ.સ.)ના સઘળા કુરઆની ગુણોને નજર સામે રાખતાં, અહી ઉલ્લેખાયેલ ફરમાનનો અર્થ નક્કી થશે અને તે એ કે આરંભમાં આપ નામદાર (સ.અ.સ.) રૂહાનીયત, વહી અને પ્રેરણા (ઇલ્હામ) તથા નબુવ્વતના કામથી અજાણ હતા, પછી તેવણ નામદાર ઉપર વહી ઊતરી અને માર્ગદર્શનના – હીદાયતના જુદાં જુદાં તબક્કાઓ પસાર કરતાં તેઓ હાદી એટલે કે માર્ગદર્શક બની ગયા કેમકે "ફહદા"માં નામદાર પયગમ્બર (સ.અ.સ.)ને સંબોધવામાં આવ્યા હોવાથી સંપૂર્ણ હિદાયતનો જ ઉલ્લેખ છે, કે જે હાદી અને માર્ગદર્શકનો દરજ્જો છે અને એ જ છેવટની ઊચ્ચ હિદાયત થકી તથા વહી અને પ્રેરણાના ઊચ્ચ ધોરણને સામે રાખતાં. નામદાર પયગમ્બર સાહેબને આરંભ કાળમાં "ઝાલન" કહેવામાં આવ્યા છે, કારણ કે તે વેળાએ આપ નામદાર એવા નહી હતા. આ સચ્ચાઇ (હકીકત)નું એક દૃષ્ટાંત એ છે કે, એક છે અતીશય પ્રકારનું નીચાપણું અને એક છે અતીશય પ્રકારનું ઊંચાપણું અને એ બન્નેની વચ્ચે અવકાશના જેટલા પણ દરજ્જાઓ છે તેમાંથી દરેક દરજ્જાને જો નીચેથી જોયું જવાય તો ઊપર છે અને ઊપરથી જોવામાં આવે તો નીચે છે એ જ સ્થિતિ હકીકતમાં હિદાયતની પણ છે.

(૬) કેમકે કુરઆનેજ હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ની શરૂઆતથી લઈને છેવટ સુધીની જીંદગીને ઉત્તમ ચારીત્ર્યનો નમૂનો ગણાવ્યો છે, જેથી જણાય છે કે આ શબ્દ "ઝાલન" અહી ઈન્સાનીયતના ધોરણ અને મઝહબના રસ્તાને હિસાબે હરગીઝ નથી બલ્કે રૂહાનીયતના રસ્તા અને ઊચ્ચ જગત તરફના પ્રયાણના હિસાબે છે.

(૭) આ સચ્ચાઈઓ – આ સત્ય બાબતો પયગમ્બરોના સરદાર (સ.અ.સ.)ની શારીરિક જિંદગીના સંબંધે છે જ્યારે કે આપ નામદાર સાહેબ (સ.અ.સ.)ની નૂરાની જિંદગી સર્વજ્ઞાની, અનંત અને સદા રહેનાર છે જેના દૃષ્ટાંતરૂપે પાણીને લઈ શકીએ કે પાણીનું અસ્તિત્વ બે દરજ્જામાં છે એટલે કે એક તે પાણી કે જેને સમુદ્ર કહેવાય છે અને બીજું એ પાણી કે જે સમુદ્રથી નીકળીને વરાળ, બરફ અને વર્ષા, નદી અને નાના દરિયાના સ્વરૂપમાં વહેતા સમુદ્રમાં ફરી પાછું જઈને મળે છે, આમ "ઈન્ના લિલ્લાહી વ ઈન્ના ઈલૈહી રાજેઉન"નું ફરમાન સઘળાં માનવીઓને માટે એ જ દૃષ્ટિકોણ રજૂ કરે છે પરંતુ આ દૃષ્ટાંત સર્વ પ્રથમ પયગમ્બર (સ.અ.સ.) અને ઈમામ (અ.સ.) ઉપર સત્ય પૂરવાર થાય છે.

(૮) બ્રહ્માંડના સર્જનની કલ્પનાના વિષયમાં એમ જણાવવામાં આવે છે કે "...કુલ્લુન ફી ફલકી યસજૂન" (૨૧ : ૩૩) (સર્વે વસ્તુઓ પોત પોતાના ઠરાવેલ વર્તુળમાં ફરે છે. (અથવા તર્યા કરે છે) હૈયાત અને બિનહૈયાત અર્થાત અસ્તિત્વ ધરાવનાર અને જેનું અસ્તિત્વ નથી તે, દિવસ અને રાત્રીની જેમ એક એવા વર્તુળ ઉપર ફરી રહ્યા છે કે જેનો ન તો કોઈ ઊદય કે આરંભ છે અને ન કોઈ અંત. અર્થાત સદાકાળથી આ મહાન બ્રહ્માંડમાં બાંધકામ એટલે કે ચણતર પણ છે

અને તોડફોડ કે ભાંગફોડ પણ છે જેમકે હઝરત મૌલાના ઈમામ સુલતાન મહંમદ શાહે (અ.સ.) "ઈસ્લામ મારા પૂર્વજોનો ધર્મ" નામના પુસ્તકમાં ફરમાવેલું છે, તથા હઝરત પીર નાસર ખુસરૂએ ફરમાવ્યું છે કે સર્વવ્યાપક રૂહના હેતુની સંપૂર્ણતા પછી આ દુનિયા ફના થઈ જશે, જેનો અર્થ એ છે કે સમગ્ર પરિસ્થિતિ, સઘળા સંજોગો બદલાયેલાં હશે, જુદાં હશે કારણ કે પીર નાસર ખુસરૂએ તેમના પુસ્તક "વજહે દીન"માં ફનાનો અર્થ સંજોગોના બદલવાથી લીધો છે અને તેમણે ફરમાવ્યું છે કે બિન–હૈયાત વસ્તુ અસલમાં કંઈક નવીન શોધ અથવા કંઈક નવું બનવાને કહેવામાં આવ્યું છે અર્થાત રૂહાની જગત કે જે આ પદાર્થિક જગત – ભૌતિક જગતની સાથે સાથે છે અને જે પ્રમાણે સામાન્ય લોકોની ધારણામાં છે તે પ્રમાણે એ હૈયાત વસ્તુઓની સ્થિતિ નથી પરંતુ એટલું સ્પષ્ટ છે કે તેમાં સંપૂર્ણતા કે સ્પષ્ટતાનું હોવું અશક્ય નથી.

(૯) હઝરત પીર નાસીર ખુસરૂની એકંદર હિકમતથી પણ એ પરિણામ લઈ શકાય છે કે જ્યારે હાલની સર્વવ્યાપક રૂહ અક્લે કુલના દરજ્જામાં પહોંચશે તો તે પછીના દરજ્જાની એક મહાન રૂહ ફરીવાર એ જ અમલ શરૂ કરશે કે જે પાછલી સર્વવ્યાપક રૂહે કર્યું હતું અને કુરઆનમાં પણ એવા ઈશારાઓ મળે છે.

(૧૦) સારાંશ એ કે કુરઆનની હિકમતના પ્રકાશમાં આ બ્રહ્માંડ ક્યારેય અંત પામતું નજરે નથી આવતું અને આ મહાન બ્રહ્માંડમાં હંમેશાં અને સદાના માટે નાશ પામવું અને નવસર્જન (ફના અને બકા)નો અમલ ચાલતો રહે છે અને એ પણ શક્ય છે કે એના

સિવાય આ બ્રહ્માંડ સંપૂર્ણપણે અસંખ્ય વિભાગોમાં ફના અને બકાની સ્થિતિમાંથી પસાર થતું રહે અને તેના પ્રત્યેક ફના અને બકાને માટે અસંખ્ય વર્ષો નક્કી થયેલાં હોય પણ એવી હાલતમાં પણ બકા એટલે કે "બાકી રહેવા"ને ભૌતિક જગત અને ફના એટલે કે "નાશ પામવા"ને રૂહાની જગત કહેવામાં આવશે અને એ જરા પણ નહિ હશે. પરંતુ વધુ વ્યાજબી એ જ વાત છે જે જણાવવામાં આવી છે કે ભૌતિક જગત અને રૂહાની જગત અથવા તો બકા અને ફના એક સાથે ચાલી રહ્યાં છે. વસ્સલામ !

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# કુદરતનું રહસ્ય (અસરારે ફીતરત)

જેમ જ્ઞાનીઓ આ વિષયના શાબ્દિક અર્થથી અજાણ નથી કે અસરાર, ભેદ–રહસ્યો અર્થાત ગુપ્ત હકીકતોને કહેવામાં આવે છે અને ફીતરત, કુદરત તથા કુદરતી રીતોનું નામ છે, માટે "અસરારે ફીતરત" એક એવો જરૂરી અને મહત્ત્વનો વિષય છે કે તેની મૂળ વાતોને સમજવાથી ન ફક્ત કુરઆનની સમજણ અને દીન–ધર્મની ઓળખમાં મોટી હદે મદદ મળી શકે છે બલ્કે સાથે સાથે જ કુદરતના કાનૂન, કુદરતના સિદ્ધાંતના ગુપ્ત ભેદો પણ ખુલી જાય છે કારણ કે કુરઆન અને ઈસ્લામ ધર્મ બિલ્કુલ કુદરત અને ફીતરતના મુજબ જ છે અને એ અલ્લાહતઆલાની અનહદ રહેમત તથા મહેરબાની છે કે તે રહેમાન અને રહીમે પોતાના પ્રીય પુસ્તક અને સાચા દીન – સાચા મઝહબ ને બ્રહ્માંડ તથા તેમાં મૌજૂદ વસ્તુઓ તથા ઈન્સાનની – માનવીની પોતાની ફીતરત (તેના સ્વભાવ)ની માંગણી મુજબના બનાવ્યાં છે કે જેથી આફાક (ભૌતિક દુનિયા) અનફુસ (અંદરની દુનિયા) આસમાની પુસ્તક અને ઈસ્લામ એકબીજાની તફસીર અને વર્ણન કરતાં રહે.

એ વાતમાં કોઈ શંકા નથી કે કુદરતના ખૂબ વધુ – અસંખ્ય ભેદોને અલ્લાહ તઆલા જ જાણે છે અને તેના પછી "રાસીખુન ફીલ ઈલ્મ" એટલે કે ઈલ્મ જાણનાર જાણે છે (૩ : ૭) કે જેઓ સાચા પયગમ્બર અને ઈમામે ઝમાન (અ.સ.) છે અને હા, એ જ માનવંતોના

દ્વારા જ્ઞાન અને હિકમતનો લાભ વિશ્વાસ રાખનાર ખરા મોમીનોને પણ મળે છે.

(૧) કુરઆનમાં ફરમાવેલું છે કે "અલ્લાહ તઆલાએ ઘડેલો સૃષ્ટિનો નિયમ એ જ છે કે જે નિયમ મુજબ તેણે લોકોને સર્જ્યા છે (૩૦ : ૩૦). અર્થાત ખુદાના ખુદાપણા અને બાદશાહીમાં એક જ નિયમ છે, એક જ રીત છે અને એક જ સૃષ્ટિ સિદ્ધાંત છે, સઘળા મનુષ્યો એ જ એક નિયમના મુજબ સર્જન પામ્યા છે અને હવે પછી પણ કુદરતના નિયમમાં કોઇ ફેરફાર નહી થશે.

(૨) હદીસ શરીફમાં છે કે "દરેક નવજન્મીત બાળક કુદરતના નિયમ મુજબ પૈદા થાય છે (અને ઇસ્લામ એક કુદરતી ધર્મ છે) અને તેના માવિત્રો (અમુક વખતે) તેને યહુદી અથવા નસારા અથવા આતશપરસ્ત બનાવે છે.

(૩) ઉપર ઉલ્લેખાયેલ આયત તથા હદીસની ચોખવટ પછી કોઇ શંકા બાકી નથી રહી શક્તી કે ઇસ્લામ એક જ એવો ધર્મ છે કે જે કુદરતના સિદ્ધાંતની માંગને સઘળી ભાષાઓમાં પૂરી કરી શકે છે કારણ કે એ અસલમાં જગત અને ઝમાનાની બદલાતી સ્થિતિથી વિરૂદ્ધ નથી કારણ કે તેને દુનિયા અને ઝમાનાની અંદર હંમેશા હંમેશા ને માટે જીવંત અને કાયમ રહેવું છે.

(૪) એ જાણવું જોઇએ કે જે માન્યતા અને દૃષ્ટિકોણ (વિશ્વાસ) કુદરતના નિયમથી વિરૂદ્ધ રાખવામાં આવે તે અંત પામે છે કારણ કે કોઇ પણ વસ્તુનું ઇલાહી નિયમના વિરૂદ્ધ રહેવું અથવા તેની સાથે

ઘર્ષણમાં આવવું તેના માટે સર્વનાશનું કારણ બને છે.

(૫) દુનિયામાં જેટલી કૌમો આ જગતના અસ્તિત્વ પરથી અંત પામી ચૂકી છે તેમના નીસ્તોનાબૂદ થઇ જવાનું એ જ કારણ હતું કે તેઓ કુદરતના નિયમોના ભેદને ન સમજ્યા અને સમય તથા સ્થળની માગણી પ્રમાણે અમલ ન કર્યા અને આ મોટી વિરૂધ્ધતાના પરિણામે તે સઘળા નાશ પામ્યા.

(૬) જ્યારે એ સચ્ચાઇ સર્વવિદીત છે (સૌને ખબર છે) કે માનવીનું બચ્ચું દીને ફીતરત એટલે કે ઇસ્લામ મુજબ પૈદા થાય છે તો જરૂરી છે કે એ પણ માનવું પડશે કે નાના નાના બચ્ચાંઓ ઘણી વખતે જે કુતુહલતા અને જે રીતે પ્રકાર પ્રકારના સવાલો કરે છે અને જેવી સહજ–સ્વભાવિક વાતો પૂછતા રહે છે તે અસલમાં કુદરતના નિયમનું જ કારણ છે. આ ઉપરથી એ જણાય છે કે કુદરતી દીન (એટલે કે ઇસ્લામ)માં સવાલ કરવા અને પૂછવું એ મૂળભૂત વાતોમાંથી છે.

(૭) એ બાબત જ્યારે ખરેખર સાચી છે કે દીન અને દુનિયાની જરૂરી જાણકારી મેળવી લેવાની ઇચ્છા માનવીના સ્વભાવમાં રહેલી છે કે જેને નેક તૌફીક કહેવું જોઇએ તો પછી એ એક જરૂરી કામ છે કે અલ્લાહતઆલાના તરફથી લોકોની વચ્ચે એક એવું વ્યાજબી સાધન પણ મૌજૂદ અને હાજર હોય કે જે દરેકે દરેક સવાલના ખૂબીપૂર્વક જવાબ દઇ શકે, કારણ કે જો ઇન્સાની જગતમાં ફક્ત સવાલનો જ ગુણ હોત અને જવાબનું કોઇ માધ્યમ પ્રાપ્ત ન હોત, હાજર ન હોત તો પછી (નઉઝબિલ્લાહ) ખુદાતઆલાની રહેમત તથા

હિદાયતમાં બહુ મોટી ઓછપ રહી જાત.

(૮) કુરઆનમાં જે ફરમાવવામાં આવ્યું કે "અલ્લાહની કુદરત–સૃષ્ટીનો નિયમ–એ જ છે કે જેના પ્રમાણે ખુદાએ લોકોને સર્જ્યા" તેનો અર્થ એ છે કે બ્રહ્માંડ અને તેમાં મૌજૂદ વસ્તુઓ જે કુદરતના નિયમ મુજબ પૈદા કરવામાં આવી છે તેનો ઉત્તમ અને હિકમત સભર નમૂનો માનવી (ઇન્સાન) છે અર્થાત માનવીની રૂહાની તથા શારીરિક રચના તથા તેનું અસ્તિત્ત્વ ખુદાઇ કુદરતની ઉત્તમ સંપૂર્ણતાનો નમૂનો છે.

(૯) ઉપર મુજબના ખુદાના ફરમાનનો ઇશારો એ છે કે માનવી પોતાના જાહેર અને બાતિનની સ્થિતિ–હાલત તથા હિકમત એ રીતે સમજી લ્યે છે કે જે રીતે સમજવી જોઇએ જેથી તે કુદરતના રહસ્યોના હેતૂ સમજી શકે અને એ સઘળું તેના પોતાના અસ્તિત્ત્વમાં મૌજૂદ છે – હાજર છે.

(૧૦) જો માનવીના પોતાના અસ્તિત્ત્વમાં કુદરતના રહસ્યોના અણમોલ ભંડારો મૌજૂદ ન હોત તો ખુદા માનવીને સંપૂર્ણ કુદરતનો નિચોડ અને નમૂનો ગણાવીને એમ ન ફરમાવતે કે મારફતની પ્રાપ્તિના માટે પોતાની જાત તરફ એક ધ્યાન થઇ જાઓ.

(૧૧) જેમકે ઉપર જણાવેલું છે કે કુદરતના નિયમ મુજબ પહેલાં સવાલ છે અને તે પછી જવાબ એટલે કે પહેલાં જરૂરત છે, માંગણી છે અને પછી તેનું પૂરૂં થવું, તો એનો એ અર્થ થયો કે જો કે ઇન્સાનની હસ્તીમાં જ્ઞાન–હિકમત તથા કુદરતના રહસ્યોના ભંડારો છુપાયેલાં છે પરંતુ તેની પ્રાપ્તિ સાચા હાદીની હિદાયત તથા માર્ગદર્શન

વગર તદ્દન અશક્ય છે.

(૧૨) જ્યારે એ માની લેવામાં આવ્યું કે કુદરતના નિયમનો ઉત્તમ નમૂનો ઈન્સાન છે તો એ પણ જાણવું જોઈએ કે ઈન્સાનની શારીરિક અને રૂહાની રચના તથા પૂર્ણતા એકાએક (અચાનક) નહી પણ ધીરે ધીરે થઈ જાય છે. માટે અમારૂં એમ કહેવું તદ્દન વ્યાજબી અને ખરૂં છે કે દીને હક એટલે કે ખરોધર્મ પણ એક દિવસમાં નહી પણ ધીરે ધીરે કમાલીયતના – પૂર્ણતાના દરજજાને પહોંચ્યો છે, ભલે તે દીની પ્રગતી એક વ્યક્તિની હોય કે પૂરી કોમની.

(૧૩) ઉપર ઉલ્લેખાયેલ આયત અને હદીસના પ્રકાશમાં જ્યારે એ હકીકત સ્પષ્ટપણે જાહેર થાય છે કે દરેક નવજન્મીત બાળક ઈસ્લામી રીત મુજબ જન્મે છે ભલે તે જે પણ પયગમ્બરના સમયમાં હોય, પછી તેનાથી ત્રણ હકીકતો સ્પષ્ટ થઈને સામે આવે છે. એક એ કે કુદરતી મઝહબ એટલે કે ઈસ્લામ, તે વખતથી છે જ્યારથી મનુષ્યપણાનો આરંભ થયો, જેનો ઉપદેશ અને ધર્મ ફેલાવવાનું કામ સઘળાં અંબીયાઓ (અ.સ.)એ કર્યા. બીજી હકીકત એ કે ઈસ્લામ અવ્વલથી લઈને આખર સુધી એક જ છે પરંતુ તેના જાહેરી સ્વરૂપો જુદાં જુદાં જમાનામાં જુદાં જુદાં રહ્યા છે. ત્રીજી હકીકત એ કે ઈસ્લામમાં કોઈ જડતા અને હદબંધી (સાંકડાપણું) નથી બલ્કે એ દરજજાવારનું માર્ગદર્શન (હિદાયત) અને પરંપરાગત સુંદર કાર્ય કરવાનું ઝરણું છે અર્થાત મૂળ સ્થાન છે.

(૧૪) કુરઆનના જે ફરમાનમાં માનવીના સ્વભાવ ઉપર ધ્યાન દેવા તથા વિચાર કરવા માટે કહેવામાં આવ્યું છે તેમાં જે બાબતો

ઉપર ભાર મૂકવામાં આવેલ છે તેમાંની એક એ પણ છે કે આપણે ભૂતકાળના એટલે કે માજી અને ભવિષ્યકાળના એટલે કે આવનારા લોકોની સ્વાભાવિક સ્થિતિ વિષે જાણવા માટે વ્યક્તિગત ઓળખાણનો અનુભવ પ્રાપ્ત કરીએ કારણ કે કુદરતની અજાયબીઓનો અભ્યાસ કરવાને માટે એજ એક સાધન ફરમાવવામાં આવેલ છે.

(૧૫) આ આયતમાં, જેમાં ઈલાહી કુદરતની ચાવી સમી એટલે કે મહત્ત્વની હિકમતો સમાવી દીધેલી છે, ઔલીયા, અંબીયા અને સઘળાં લોકોના સ્વભાવનો એકત્રિત રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેના પ્રકાશમાં મોટા ભાગની હકીકતો સ્પષ્ટ થઈ જાય છે અને તેમાં એક મૂળભૂત અથવા મહત્ત્વની હકીકત એ છે કે મનુષ્યના રૂહની અઝલી અને અબદી એટલે કે અનંત એક્તા બરહક છે – સાચી છે.

(૧૬) મજકૂર પવીત્ર આયતના શિક્ષણ થકી એ ખાત્રી થઈ જાય છે કે અલ્લાહતઆલાએ જે કુદરતી રીત ઉપર મનુષ્યને પેદા કર્યો છે તે જ રીત અન્ય સઘળી રીતોમાંથી શ્રેષ્ઠતમ અને ઊચ્ચ તથા હિકમતભરેલી છે જેની સામે અન્ય સઘળી રીતો ઝાંખી પડી જાય છે.

(૧૭) આ વ્યાખ્યા અથવા આ રીતની ઊંડી હકીક્તો સમજવા પછી અક્કલ એમ માનવા લાગે છે હકીકતમાં અથવા અસલમાં હઝરત આદમ (અ.સ.) તથા હઝરત ઈસા (અ.સ.) પણ કુદરતના એજ સામાન્ય નિયમ પ્રમાણે પેદા કરવામાં આવ્યા હતા.

(૧૮) આ કુદરતનો ઈશારો એમ છે કે ખુદાવંદી નૂરની મારફતના દરજ્જા ઉપર જે માનવંત લોકો પહોંચી ચૂક્યા છે તેઓ જ્ઞાનદૃષ્ટિ તથા

હૃદયની આંખો વડે કુદરતના એ રહસ્યોનો ખૂબ જ ઝીણવટથી અનુભવ કરે છે જે આકાશ, ધરતી, ખનીજ, વનસ્પતી તથા જનાવરમાં ગુપ્ત રહેલ છે.

(૧૯) પીર નાસીર ખુસરોનું ફરમાન છે કે આ બ્રહ્માંડ એક વૃક્ષ જેવું છે અને આપણે (માનવી) તેના ફળ છીએ જેનો અર્થ એમ થયો કે સ્વર્ગીય અથવા દીવ્ય અસરો થકી મૂળતત્ત્વ અથવા બીજ પેદા થાય છે, તે મૂળતત્ત્વો કે બીજના મિશ્રણથી ત્રીગૂણી તત્ત્વ એટલે કે ત્રણ ગૂણો વાળા ફળ (ખનીજ, વનસ્પતી અને જાનવર)નું સર્જન થાય છે તે તત્ત્વના ઓગળી જવાથી મનુષ્યની હસ્તી – (વ્યક્તિ) અસ્તિત્ત્વમાં આવે છે અને તેમાં વનસ્પતી તથા હેવાની નફસ પેદા થાય છે જેના વિશુધ્ધીકરણ એટલે કે પવિત્ર કરવાથી મનુષ્યની રૂહ પછી અક્કલ–બુધ્ધિ તરીકિનું અસ્તિત્ત્વ ધારણ કરે છે અને એ જ ખુદાની અનંત–હંમેશ રહેનાર કુદરત છે.

(૨૦) પવિત્ર કુરઆનની કુદરત વિષેની આ ખૂબી ભરેલી કેળવણી થકી એ જાણમાં આવે છે કે અલ્લાહ મહાન અને બરકતવંતા એટલે કે તબારકતઆલાની કુદરત, મનુષ્યના માટે જ ખાસ કરવામાં આવેલ છે અર્થાત મનુષ્યના સ્વભાવમાં, મનુષ્યના સર્જનમાં તે સઘળી શક્તિઓ અને ગૂણો સમાવેલાં છે, જે કંઈ ખુદાવંદે આલમીનની સંપૂર્ણ કુદરત અને સર્વવ્યાપક રહેમતની જરૂરત પ્રમાણે હોવાં જોઈએ.

(૨૧) કુદરતના રહસ્યોની જાણકારી મેળવવાની રીત એ છે કે શાણો અને સમજદાર મનુષ્ય પોતાના વ્યક્તિત્ત્વની દુનિયામાં બાતિનની

દ્રષ્ટિ વડે ઊચ્ચ રૂહાનીય્યતની સચ્ચાઇઓ તથા મારફતનો વ્યાજબીપણે અનુભવ કરે, કેમકે રૂહાની અને શારીરિક વસ્તુઓ જે આ જગતમાં મૌજૂદ છે અને સર્જન પામેલી છે તેના રહસ્યોનું એજ એક માત્ર કેન્દ્ર છે.

આ નાનકડા–ટૂંકા વર્ણનના અંતમાં હું એ વાત જણાવવાનું જરૂરી જાણું છું કે કુદરતના ગુપ્ત રહસ્યોના વિષે અહીં અમુક ઇશારાઓ સિવાય વધુ કંઇ પણ જણાવી શકાયું નથી.

**સમાપ્ત**

ISW
LS
Institute for
Spiritual Wisdom
and
Luminous Science
Knowledge for a united humanity

**ગુજરાતી અનુવાદ : અકબર. હબીબ રાજન**
**તા. ૧૩–૧૧–૧૯૯૨.**